પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૯/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૦ ભાદરવા વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૪૩

**સુવિચાર**

શાળા અને કોલેજમાંથી મેળવેલી વિદ્યા, જ્ઞાન, કેળવણી, સદ્‌વિદ્યા જીવનનું ભાતું બનીને રહે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 9978223000
હૃદયરોગ - બીપી
શ્વાસ દમ ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ડાયાબીટીસ - કીડની
લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન
વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## શહેરીજનોને રેલ્વે ક્રોસિંગ પસાર કરવામાં ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે

# અમરેલીમાં લીલીયા રોડ રેલ્વે ક્રોસિંગ નજીક મસમોટા ગાબડા

**ટુ–વ્હીલ ચાલક કાળજી ન રાખે તો અકસ્માતનો સતત ભય છવાયેલો રહે છે**

**જનતા જનાર્દન લોહી-પાણી એક કરીને કમાતી આવકમાંથી સરકારની તિજોરીને છલકાવે અને બદલામાં મળે સમસ્યા**

**મોડેલ રાજયમાં આવેલ જિલ્લા કક્ષાનાં મુખ્ય શહેરનાં મુખ્ય માર્ગની હાલત દયનીય બની**

**જવાબદાર વિભાગ દ્વારા યુદ્ધનાં ધોરણે માર્ગની મરામત થાય તેવી માંગ**



અમરેલી, તા. ૨૭
અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરમાં અનેક માર્ગો બિસ્માર હાલતમાં, શહેરીજનો અને બહાર ગામથી પધારતા નાગરિકોને શહેરનાં અમુક માર્ગ પરથી પસાર થવામાં ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. અમરેલીમાં ટ્રાફિકથી ધમધમતા લીલીયા રોડ ઉપર રેલ્વે ક્રોસિંગ નજીક રોડ ઉપર મસમોટા ગાબડાઓ પડી જતાં વાહનચાલકોને ખાસ કરીને ટુ–વ્હીલર ચાલકો ઉપર સતત અકસ્માતનો ભય છવાયેલો છે. શહેરીજનો લોહી–પાણી એક કરીને નાણા કમાતા હોય તેમાંથી

**અનુસંધાન પાના ૬ ઉપર**

## મનફાવે ત્યાં ખોદકામ કરો કોઈ પુછવાવાળુ નથી

# વડિયા : રેલ્વે સ્ટેશન માર્ગ ઉપર ખાનગી કંપનીએ આડેધડ ખોદકામ કરતા પરેશાની

**એસ.ટી. બસનું વ્હીલ ફસાતા મુસાફરો ગભરાયા**

અમરેલી, તા. ૨૭

વડિયાની ભૂમિ એટલે ગમે ત્યાં ખોદકા કરો, ગામજનો પરેશાન ભલે થયા કરે કોઈ પુછવાવાળુ નથી તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

વડિયાનાં રેલ્વે સ્ટેશન માર્ગ ઉપર ખાનગી કંપની દ્વારા કેબલ લગાવવાની કામગીરીને લઈને આડેધડ ખોદકામ કરવામાં આવતાં એસ.ટી. બસનું વ્હીલ ફસાતા અંદર રહેલ મુસાફરો ત્રાહીમામ પોકારી ચુકયા હતા.

આ અંગે જવાબદાર વિભાગ કડક કાર્યવાહી કરે છે કે, લાજ કાઢે છે તે જોવું રહ્યું.



તસ્વીર : દિવ્યાંગીરી ગોસાઈ–વડિયા

## લુણીધાર ગામની યુવતી સાથે પ્રેમસંબધ રાખનાર

# અમરેલીનાં પીપળલગ ગામનાં યુવક અને તેમનાં મિત્ર ઉપર ૪ ઈસમોનો હુમલો

**આરોપીઓએ મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા. ૨૭

અમરેલી તાલુકાના પીપળલગ ગામે રહેતા પ્રદિપભાઈ ભીખાભાઈ ભાસ્કર નામનાં ૨૨ વર્ષિય વિદ્યાર્થી તથા તેના મિત્ર પોતાનું એકટીવા મોટર સાયકલ લઈ ગત તા. ૨૫ ના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યાના સમયે પોતાના ગામેથી લુણીધાર ગામ તરફ જતા હોય અને આ વિદ્યાર્થીને લુણીધાર ગામે રહેતા કિશોરભાઈ કાનાભાઈ સોંલકીની દિકરી સાથે પ્રેમ સંબધ હોય. જેથી આરોપી કિશોરભાઈ કાનાભાઈ સોંલકી તથા ૩ અજાણ્યા માણસો સાથે મળી વિદ્યાર્થીને

**અનુસંધાન પાના ૬ ઉપર**

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## ઈફકોનાં ચેરમેન સંઘાણી, નાયબ દંડક વેકરિયા, સાંસદ સુતરીયા, પૂર્વમંત્રી ઉંઘાડની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા રાજયનાં શિક્ષણમંત્રી ડો. ડીંડોરનાં હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ ચેકોનું વિતરણ

**સ્વપ્નદ્રષ્ટા, મેનેજમેન્ટ ગુરૂની ઓળખ ધરાવતા પી.પી. સોજીત્રાનાં જન્મદિને કાર્યક્રમ યોજાશે**

અમરેલી, તા. ૨૭

અમરેલી ગત વર્ષે તા. ૨૯ સપ્ટેમ્બરના ૨૦૨૩ના દિવસે અમરેલીના સ્વપ્ન દ્રષ્ટા, મેનેજમેન્ટ ગુરૂ અને સર્વમિત્ર સમા પી.પી. સોજીત્રાના ૬૨માં જન્મદિનની ભવ્ય ઉજવણી કરાયેલ. અમરેલીના અદ્યતન માર્કેટયાર્ડના નિર્માણમાં જેમની સિંહ ભૂમિકા રહેલ છે અને અમરેલીની અતિ આધુનિક નાગરિક બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ અમરેલીના જાહેર જીવનમાં અદકેરી ભૂમિકા અદા કરી છે. તેમના દ્વારા શહેરમાં નાગરિકોની સુખાકારી માટેના અનેકવિધ સંસ્થાનોનું નિર્માણ કરાયેલ છે. શહેરની તમામ સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિમાં ઉદારતાપૂર્વક આર્થિક મદદ કરતાં પી.પી. સોજીત્રાનો અમરેલી શહેર અને તાલુકામાં પ્રશંસકો અને શુભેચ્છકોનો બહોળો વર્ગ ઉભો થયો છે. તેમના આ મિત્રોએ સાથે મળી ગતવર્ષે તેમના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી હતી. જેમાં શહેરની ૧૦૦થી વધુ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ તેમજ જ્ઞાતિ અને વ્યવસાયિક સંગઠનો દ્વારા અભૂતપૂર્વ સન્માન કરાયું હતું.

આ સન્માનનાં પ્રત્યુતરમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**





Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324



WAYONAA
BABA E BIKE
મહમદભાઈ મોગલ: +91 94272 45738
બસસ્ટેન્ડની બાજુમાં, SBI બેન્કની સામે, બગસરા-365440
Our Showroom: (Gujarat) Surat, Rajkot, Porbandar, Halol, Vadodara, Ahmedabad, Mehsana, Bhavnagar, Junagadh, Morbi, Godhra, Navsari.
(Tamil Nadu) Kumbakonam

# અમરેલી : ગુર્જર ક્ષત્રિયા કડિયા સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો






ગુર્જર ક્ષત્રિયા કડિયા જ્ઞાતી સમાજ અમરેલી દ્વારા સંચાલીત કેળવણી સહાયક મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું તા. ૨૨/૯/૨૪ના રોજ શ્યામવાડી લીલીયારોડ અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધો. ૧ થી લઈને માસ્ટર ડીગ્રી સુધી કુલ ૨૩૯ જ્ઞાતીના પ્રતીભાવંત વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન વિશ્વકર્મા, સરસ્વતી માતા તેમજ ગુરૂવર્ય શામજીબાપુ સમક્ષ દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવેલ.આ સમારંભના અધ્યક્ષ સ્થાને જ્ઞાતી પ્રમુખ ભરતભાઈ કે ટાંક રહ્યા હતાં. કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળના સભ્યો, ચલાલા, લીલીયા વગેરે ગામથી જ્ઞાતી આગેવાનો, વિવિધ મંડળોના આગેવાનો તથા ભુતપુર્વ ટ્રસ્ટીઓ તથા દાતાઓ હાજર રહેલ. કાર્યક્રમના સ્ટેજ સંચાલક તરીકે જયેશભાઈ બજાણીયા તથા યોગેશભાઈ જેઠવા સેવા આપી હતી. પધારેલ આમંત્રીત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરીએ સન્માનીત કર્યા હતાં. આ કાર્યક્રમમાં વચ્ચે વચ્ચે બાળકોએ વિવિધ દેશ ભકિત ગીત, છપાકરા (યુધ્ધ કાવ્ય) પઠન બાળકો દ્વારા રજુ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતે ભોજનના દાતા જ્ઞાતી પ્રમુખ ભરતભાઈ કે ટાંક રહ્યાં હતાં. તેમજ ભોજન પ્રસાદની વ્યવસ્થા કડીયા સેવા સંઘની ટીમ દ્વારા બજાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ માટે જ્ઞાતીજનોએ કેળવણી મંડળના સભ્ય (પ્રમુખ) રમીણકભાઈ મારૂ, યોગેશભાઈ જેઠવા, સીકે ટાંક, અશોકભાઈ મકવાણા, હિરેનભાઈ સોલંકી, જયેશભાઈ ભરડવા, સી.પી.ટાંક, અશોકભાઈ મકવાણા, ચીમનભાઈ ટાંક તથા પ્રદિપભાઈ મારૂનો કાર્યક્રમને સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યાં હતાં.

## અમરેલી ખાતે જીલ્લા ભાજપ બક્ષી પંચ મોરચા અને અનુસુચિત જાતિ મોરચા દ્વારા ધરણા પ્રદર્શન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૭

પ્રદેશભાજપ તેમજ અમરેલી જીલ્લા ભાજપની સુચના અનુસાર અમરેલી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા તેમજ અનુસુચિત જાતિ મોરચાના સંયુકત ઉપક્રમે ધરણા કાર્યક્રમ મોટા બસસ્ટેન્ડ ચોક ડો. ભીમરાવ આંબેડકર સાહેબની પ્રતિમા પાસે ધરણા કાર્યક્રમ યોજાયેલો.

તાજેતરમાં કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી એ અમેરિકામાં જઈ એક વિભાજનકારી નિવેદન કરેલું તેને મોરચાઓ દ્વારા વખોડવામાં આવેલ અને તેના નિવેદનનો વિરોધ કરવામાં આવેલો આ ધરણાના કાર્યક્રમમાં ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા ખાસ ઉપસ્થિત રહેલા તેમજ અમરેલી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભૂતૈયા તેમજ અમરેલી જીલ્લા ભાજપ અનુસુચિત જાતિના પ્રમુખ કેશુભાઈ વાઘેલા તેમજ પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરીયા તેમજ પ્રદેશ ભાજપ અનુસુચિત જાતિના પ્રદેશ કારોબારી સભ્ય વિરજીભાઈ બોરીચા, તેમજ પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના કારોબારી સભ્ય જગદીશભાઈ ધરજીયા, વાઘજીભાઈ જોગદીયા, જીલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહીડા, જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ભુપતભાઈ વાળા તેમજ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પ્રતિનિધિ કરશનભાઈ ચેહાણ, પૂર્વ ચેરમેન મુકેશભાઈ બગડા, નીતિનભાઈ રાઠોડ, જીલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરશન ભાઈ ભીલ, જીલ્લા પંચાયતના સદસ્ય વિક્રમભાઈ શિયાળ અમરેલી જીલ્લા પંચાયતના આરોગ્ય સમિતિ ચેરમેન અનિભાઈ કુંજડીયા, શંભુભાઈ મહીડા, અમરેલી તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પ્રવીણભાઈ ચાવડા તેમજ જાફરાબાદ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિઢધ્ધભાઈ વાળા, તેમજ ધારી થી જીતુભાઈ જોષી, બાબભાઈ વાળા, બીચ્ચુભાઈ વાળા તેમજ ખાંભા થી ભીખુભાઈ સરવૈયા, સહકારી અગ્રણી ધીઢભાઈ વાળા તેમજ અમરેલી જીલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ મધુભાઈ ચાવડા, અમરેલી નગરપાલિકાના સદસ્યઓ તુલસીભાઈ મકવાણા, ચિરાગભાઈ ચાવડા, નીલેશભાઈ ધાધલ, મનીષભાઈ ધરજીયા, દીલાભાઈ વાળા, નરેશભાઈ મહેતા તેમજ સા.કું.થી ધર્મેન્દ્રભાઈ ચેહાણ, હસુભાઈ ચૌહાણ, કેશુભાઈ બગડા, મયુરભાઈ રબારી, કેતનભાઈ કેશુર તેમજ જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ધર્મેન્દ્રગીરી ગેસ્વામી, વનરાજભાઈ વાળા, કમલેશભાઈ સોલંકી તેમજ લાઠીથી પરેશભાઈ સરવૈયા, કિશોરભાઈ અજુગીયા, નાથુભાઈ ધાધલ, ભીખુભાઈ ધારિયા, ચિરાગભાઈ પરમાર, કાળુભાઈ પરમાર, કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા, પ્રેસ મીડિયા કન્વીનર જીજ્ઞેશભાઈ દાફડા તેમજ જીલ્લાભરમાંથી બંને જીલ્લા મોરચામાંથી મંડળના પ્રમુખઓ અને મહામંત્રીઓ તેમજ આગેવાન કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અમરેલી જીલ્લા ભાજપ અનુ.જાતિ. મોરચાના મહામંત્રી સંદીપભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલું તેમ જીલ્લા ભાજપની અખબારી યાદી જણાવેલ.

### તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીનો આક્ષેપ

## અમરેલી જીલ્લામાં સ્વચ્છતા અભિયાનનાં નામે માત્ર ફોટો સેશન કરવામાં આવી રહ્યું છે

### ઠેકઠેકાણે ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે

અમરેલી, તા. ૨૬

વર્તમાન સમયમાં સમગ્ર ગુજરાત રાજયમાં ભાજપ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે, આ કાર્યક્રમ બીજી ઓકટોબર એટલે કે ગાંધી જયંતી સુધી ચાલવાનો છે, પરંતુ ખરેખર તો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની વાસ્તવિકતા કંઈક જુદી છે, સ્વચ્છતા અભિયાન કાર્યક્રમના નામે માત્રને માત્ર ભાજપના નેતાઓ ફોટા પડાવવાનું કામ જ કરી રહ્યાં છે, વાસ્તવમાં રોડ–રસ્તાઓ સાફ કરવાના બદલે જનતાના પરસેવાની કમાણીના ટેકસના રૂપિયા ભાજપના નેતાઓ સાફ કરી રહ્યાં છ, તાજેતરમાં જ ભાજપ શાસિત અમરેલી નગરપાલિકામાં કરોડો રૂપિયાનું કચરા કૌભાંડ બહાર આવ્યું હતું, જે સ્વચ્છતા અભિયાનની વાસ્તવિકતા રજૂ કરે છે, સમગ્ર અમરેલી શહેરમાં જયાં જુઓ ત્યાં જાહેર રસ્તાઓ ઉપર ઢગલાઓ જોવા મળે છે, માત્રને માત્ર લોકોને મૂર્ખ બનાવવા માટે સ્વચ્છતા અભિયાનનું નાટક ભાજપના નેતાઓ કરી રહ્યાં છે.

### વરસાદી માહોલમાં ઠેકઠેકાણેથી પાણી પડતું હોવાની ફરિયાદ

## અમરેલીમાં કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ ખેડૂત તાલીમ કેન્દ્રનાં બાંધકામમાં લોટ, પાણીને લાકડા

### ગરીબ કલ્યાણ મેળા દરમિયાન જનતા જનાર્દનની નજરે નજારો ચડયો



અમરેલી, તા. ૨૭ અમરેલીનાં લીલીયા રોડ

ઉપર થોડા વર્ષો પહેલા કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ ખેડૂત તાલીમ કેન્દ્રનાં બાંધકામમાં લોટ, પાણીને લાકડા જેવું કામ થયાનું ચર્ચાઈ રહ્યું છે.

ખેડૂત તાલીમ કેન્દ્રમાં આજે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત વિશાળ જનતા જનાર્દને છતમાંથી પાણી ટપકતું હોવા ઉપરાંત ટોઈલેટની હાલત નજરો નજર નિહાળી હતી. ભ્રષ્ટાચાર મુકતશાસનની ગુલબાંગો વચ્ચે જનતાએ ભ્રષ્ટાચારનો ઉત્તમ નમૂનો નજરે નિહાળ્યો હતો.

## સાવરકુંડલા વોર્ડ નં. ૧ માં પેવર બ્લોકની કામગીરી



સાવરકુંડલા, તા. ૨૭

ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી અને સાવરકુંડલા લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ શહેરને વધુ સુંદર અને રળિયામણું બનાવવાના અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેર વોર્ડ નં. ૧ માં વિકાસ કાર્યો જોરશોરથી ચાલી રહ્યા છે.

સાવરકુંડલા નગર પાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજની સૂચના મુજબ, દેવળાને ઝાંપે પરશુરામ સ્વીટ માર્ટથી શિવાજી ચોક સંધિ ચોક સુધી પેવર બ્લોક રોડનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ વિકાસ કાર્યથી વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. આ નવા રોડથી વિસ્તારનો દેખાવ બદલાશે અને લોકોને વધુ સારી સુવિધાઓ મળશે.

આ પ્રસંગે મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, સાવરકુંડલાને વિકસિત અને આધુનિક શહેર બનાવવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. આ વિકાસ કાર્યોથી શહેરનો ચહેરો બદલાશે અને લોકોને વધુ સારી જીવનશૈલી મળશે. સાવરકુંડલા નગર પાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ વિકાસ કાર્યોને સમયબદ્ધ અને ગુણવત્તાપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે અમે પ્રયત્નશીલ છીએ. આપણે સે મળીને સાવરકુંડલાને સ્વચ્છ અને સુંદર શહેર બનાવીશું. આ કામગીરીનો શુભારંભ પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રવિણભાઈ સાવજ, કારોબારી ચેરમેન અશોકભાઈ ચેહાણ, સદસ્ય કીશોર બુહા, મનસુખભાઈ લાડવા, ભારતીય જનતા પાર્ટીના અન્ય કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું હતું.

## લીલીયામોટા : પીએસઆઈ એસ.આર. ગોહિલની બદલી થતા વિદાય અપાઈ



લીલીયા મોટા, તા. ૨૭

લીલીયા મોટાના પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ તરીકે એસ.આર.ગોહિલ ફરજ બજાવતા હોય જેમની સરકારી રૂલ્સ મુજબ લીલીયા પોલીસ સ્ટેશનથી અમરેલી ક.ઈ.ઇ બ્રાન્ચ ખાતે બદલી થતાં લીલીયા પોલીસ સ્ટેશન ખાતે ગોહિલનું ભવ્ય વિદાય સન્માન ભીની આંખોએ યોજાયુ ગોહિલના કાર્યકાળ દરમિયાન લૂંટ અને મર્ડર ઘરફોડ ચોરી જેવા ગુનાઓ તેમના સમય દરમ્યાન અનડિટેકટ રહેલ નથી અને એમની વિશ્વાસનીયતા ના કારણે અનેક સુંદર કામગીરીના પ્રમાણપત્રોથી સન્માનિત થયા હોય ત્યારે આવી સુંદર કામગીરી કરનાર અને કોમળ સ્વભાવના પોલીસ અધિકારીની બદલી થતાં લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા પુષ્પ વર્ષા કરી મોમેન્ટો આપી વિદાય માન આપવામાં આવેલ ગોહિલ દ્વારા અનેક સુંદર કામગીરી કરાતા તેમજ તમામ સમાજને સાથે રાખી ચાલીને ખુબજ નામના મેળવેલ અને લોકોની સુખાની સતત ચિંતા કરતા હોય ત્યારે લીલીયા પંથકના લોકો માટે એક તરફ દુ:ખ અને એકતરફ ખુશીનો માહોલ છે દુ:ખ એ માટે કે આવા સારા અધિકારીની બદલી થઈ અને આનંદ એ વાત નો કે અમરેલી ની મહત્વ ની ક.ઈ.ઇ બ્રાન્ચમાં બદલી થયેલ હોય જેને લઈ પંથકના લોકો માં દુ:ખ સાથે હર્ષ ની લાગણી પ્રસરેલ છે એસ.આર.ગોહિલ દ્વારા અનેક ગુનાઓને ડિટેકટ કરવાની કામગીરીને ધ્યાને લઈ અને તેમની અમરેલીની અગત્ય ની ક.ઈ.ઇ બ્રાન્ચ ખાતે બદલી થવા પામેલ હોય જેને લઇ લીલીયા પોલીસ પરિવાર તેમજ મિત્ર વર્તુળ અને લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા તથા જાહેર જીવનના આગેવાનો તેમજ લીલીયા પંથકના નાગરિકો દ્વારા ભવ્ય વિદાયમાંન આપવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજુલા પોલીસે ૨ મોબાઈલ સાથે ૧ ઈસમને ઝડપી લીધો



અમરેલી, તા. ૨૭

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસના આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે નાસ્તા ફરતા આરોપી મહેશભાઈ ઉર્ફે મયલો મનુભાઈ ધાખડા (રહે. જાંપોદર, તા. રાજુલા) ની રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી તથા ટેકનીકલ સોર્ચ આધારે રાજુલા ડોળીના પટ્ટમાં સરકારી ગોડાઉન પાસે સદરહુ ગુન્હામાં ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે તેમને પકડી પાડી અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી પકડાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી રાજુલા પોલીસ ટીમે હાથ ધરી હતી.

# અમરેલીમાં સફાઇ કર્મીઓની સાથે તેમના પરિવારજનોની આરોગ્ય તપાસણી






સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકાના સફાઈ કર્મીઓ અને તેમના પરિવારજનો– આશ્રિતોની આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ખાસ સફાઈ કામદારોના આરોગ્યની કાળજી માટે સફાઈ મિત્ર સુરક્ષા શિબિરના માધ્યમથી સફાઈ કર્મીઓ અને તેમના આશ્રિતોનું પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. સફાઈ કર્મીઓના ડાયાબિટીસ, બીપી, હાઈટ, વેઈટ વગેરે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી સહિતના મહાનુભાવના હસ્તે સેફટી જેકેટનું પણ સફાઈ કર્મીઓને અને વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી રાત્રિના સમયે સફાઈ કરતી વખતે સફાઈ કર્મીઓની સેફટી જળવાઈ રહે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ઝુંબેશ સ્વરૂપે સફાઈ કરવામાં આવી રહી છે, આ સાથે કર્મીઓની આરોગ્યની કાળજી તંત્ર દ્વારા લેવામાં આવી રહી છે. નગરપાલિકા કચેરી ખાતે આયોજિત આ સફાઈ મિત્ર સુરક્ષા શિબિરને સફળ બનાવવા માટે સેનેટરી ઈન્સ્પેકટર એન.બી. ચાવડા, સીટી મેનેજર નિકુંજ રામાણી, જય સગર સહિત નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મીઓએ જહેમત ઉઠાવી હતી.

## ૪૦ વર્ષમાં શરાફી મંડળીની સફર બગસરાથી ગાંધીનગર સુધી પહોંચી

# બગસરા નાગરિક શરાફી મંડળીની રવિવારે ગાંધીનગર ખાતે સાધારણ સભા

**બગસરા, ધારી, લીલીયા, ચલાલા, અમરેલી, રાજકોટ, અમદાવાદ, વડોદરા બાદ ગાંધીનગરમાં શાખા ખોલાશે**

**૪૦ વર્ષ દરમિયાન ૧૨૫ કરોડનું ધિરાણ અને ૧૦૦ કરોડની ડીપોઝીટ સુધી મંડળીની પ્રગતિની સફર**

**દર વર્ષે ૧૫ ટકા ડીવીડન્ડ અને આકર્ષક ભેટ સભાસદોને આપવામાં આવી રહી છે**

**મંડળીનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની કુનેહથી શરાફી મંડળી સફળતાનાં સર્વોચ્ચ શિખરે પહોંચી**





અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાનાં મધ્યમકક્ષાનાં શહેર બગસરા ખાતે જનસંઘનાં પાયાનાં પથ્થરસમા અરવિંદ મણિયારનું ૪૦ વર્ષ પહેલા નિધન થયા બાદ યોજાયેલ શોકાંજલિ સભામાં સ્થાનિક જનસંઘનાં કાર્યકર રશ્વિનભાઈ ડોડીઆએ અરવિંદ મણિયારની સહકારી પ્રવૃત્તિમાંથી પ્રેરણા લઈને શરૂ કરેલ બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની નાના પાયે શરૂ કરીને આજે ૪૦ વર્ષ બાદ મંડળીની સફર ગાંધીનગર સુધી પહોંચી છે.

બગસરા શરાફી મંડળીનાં મેનેજિંગ ડાયરેકટર નીતિશ ડોડીઆએ "અમરેલી એકસપ્રેસ"ની શુભેચ્છા મુલાકાત લઈને શરાફી મંડળીની સંઘર્ષ અને બાદમાં સફળતાની વિગતો જણાવતા કહ્યું કે, ૪૦ વર્ષ પહેલાથી રશ્વિનભાઈ ડોડીઆ સ્થાપક ચેરમેન છે અને આજે પણ તેઓ ચેરમેનપદ શોભાવી રહ્યા છે અને તેઓની આવડ, ઉત્સાહ અને જુસ્સાનાં કારણે બગસરા બાદ ધારી, ચલાલા અને લીલીયામાં મંડળીનાં પોતાના મકાનમાં શાખા શરૂ કરવામાં આવી છે. તેમજ અમરેલી, રાજકોટ, અમદાવાદ અને વડોદરા ખાતે મંડળી ભાડાનાં મકાનમાં કાર્યરત છે અને ૯મી શાખા ટૂંક સમયમાં ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત આગામી ૨૯ સપ્ટેમ્બરનાં રવિવારે ગાંધીનગર ખાતે મંડળીની સાધારણ સભા યોજાશે.

વધુમાં જણાવ્યું હતું કે, મંડળીમાં આજે ૧૨૫ કરોડનું ધિરાણ છે અને ૧૦૦ કરોડની ડીપોઝીટ છે. દર વર્ષે મંડળીનાં ૨૫ હજાર સભાસદોને ૧૫ ટકા ડીવીડન્ડ અને આકર્ષણ ભેટ અર્પણ કરવામાં આવે છે અને મંડળીનાં સભાસદનાં મૃત્યુ કેસમાં વારસદારને રૂપિયા ૨૫ હજારની મદદ કરવામાં આવે છે અને મંડળીનાં સભાસદનાં બાળકોને એજયુકેશન લોન પેટે રૂપિયા ૩ લાખનું ધિરાણ વાર્ષિક માત્ર ૪ ટકાનાં દરે આપવામાં આવે છે અને બગસરા શરાફી મંડળીનું કાર્યક્ષેત્ર રાજયનાં ૩૩ માંથી ૨૯ જિલ્લા સુધી પહોંચી ગયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સરકારની જનકલ્યાણકારી યોજનાને આગળ વધારવા ઉપરાંત કુદરતી આફતનાં કેસમાં પણ મંડળી તરફથી અસરગ્રસ્તોને જરૂરી સહાય કરવામાં આવી રહી છે અને છેલ્લા ૪૦ વર્ષથી શરાફી મંડળી ઓડીટ વર્ગ-એ ધરાવે છે અને બગસરા શરાફી મંડળીને સર્વોચ્ચ શિખરે પહોંચાડવામાં મંડળીનાં ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆનાં નેતૃત્વમાં ૧૫૦ કર્મચારીઓ, એડવાઈઝરી સમિતિનાં સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી છે.

તેઓએ અંતમાં જણાવેલ છે કે, નાના એવા ગામ બગસરાથી શરૂ કરીને રાજયનાં પાટનગર ગાંધીનગર સુધીની કઠીન સફર શરાફી મંડળીએ કરી છે તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદરૂપ થનાર તમામનો મંડળીનાં મેનેજમેન્ટ વતી તેઓએ આભાર માનેલ છે.

### આડેધડ થતાં પાર્કિંગથી પરેશાની

## સાવરકુંડલાનાં મોટાભાગનાં શોપિંગ સેન્ટરમાં ટુ-વ્હીલર વાહનો માટે પાર્કિંગ સુવિધા નથી

**શહેરીજનોને પગપાળા ચાલવામાં મુશ્કેલી**

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાં મોટાભાગનાં શોપિંગ સેન્ટરમાં પાર્કિંગ જ નથી એટલે મોટેભાગે ફૂટપાથ કે જે લોકોને ચાલવા માટે બનાવવામાં આવી હોય ત્યાં ટુ વ્હીલર વાહનોનું પાર્કિંગ થતું જોવા મળે છે. પરિણામે લગ્નસમારંભમાં કે કોઈ મેળાવડા કે ઝૂલુસ સમયે તો પરિસ્થિતિ ખૂબ કપરી થાય છે અને રોજિંદા જીવનમાં પણ આ વાહનોનાં પાર્કિંગની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની જાય છે. ખાસ કરીને જાહેર બેંકો કે કચેરીઓમાં જેવી કે પોસ્ટ ઓફિસ, બેંક કે જે લોકો માટે ખૂબ જ આવશ્યક સેવાઓ પૂરી પાડતાં સ્થળો તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં આમ જનતાને એ સમજાતું નથી કે શોપિંગ સેન્ટર કે કોમ્પલેક્ષમાં પાર્કિંગની જોગવાઈ કેમ નથી? આ સંદર્ભે તંત્ર કોઈ જાહેર પાર્કિંગની ચોક્કસ પોલિસી ઘડી તેનાં માટે કોઈ ચોક્કસ એકશન પ્લાન ઘડી



કાઢે એ જરૂરી છે. તંત્ર દ્વારા પણ વધુમાં વધુ જાહેર પાર્કિંગ સ્થળોની સુવિધા ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવું જોઈએ . આમ તો આ વધતાં જતાં વાહનોનાં યુગમાં કોઈ પણ જાહેર બહુમાળી શોપિંગ સેન્ટર કે કચેરી કે હાઉસિંગ કોમ્પલેક્ષમાં વાહનો માટે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ હોવી જ જોઈએ. હવે આ જાહેર પાર્કિંગની સુવિધા કેમ સુલભ બને સુગમ બને અને લોકોનાં દૈનિક માથાનાં દુઃખાવા સમાન સમસ્યાનું નિરાકરણ વહેલી તકે કેમ આવે એ માટે તંત્રે કોંક્રીટ પ્લાન કરી તેનું યુધ્ધના ધોરણે અમલીકરણ કરવું જોઈએ. એમાં પાછાં હવે નવરાત્રિ અને દિવાળીના તહેવારો નજીક આવી રહયા છે. ખાલી જાહેર ગીચ રસ્તાઓને અમુક કલાકો માટે વનવે કર્યે પણ કામ નહી સરે. આ માટે તંત્ર દ્વારા ભવિષ્યને લક્ષમાં રાખીને કોઈ એકશન પ્લાન તૈયાર કરીને તેના અમલીકરણ માટે આગળ વધવું જોઈએ એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## અમરેલીમાં બાઈક ચોરી કરનાર આરોપીને સિટી પોલીસે ઝડપી લીધો



અમરેલી, તા. ૨૭

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ટેકિનકલ સોર્સ તથા અમરેલી નેત્રમ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટર ટીમની મદદથી સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, સી.સી.ટી.વી. ફુટેજોનો અભ્યાસ કરી પોકેટ કોપની મદદથી ચોરીમાં ગયેલ મોટર સાયકલની ઓળખ કરી હ્યુમન સોર્સની મદદથી મળેલ ચોક્કસ બાતમી આધારે અમરેલીના હનુમાનપરામાં આવેલ ગરનાળા પાસે રહેતા હરેશભાઈ ધનજીભાઈ મકવાણા નામનાં ઈસમને બન્ને ચોરીના ગુન્હામાં ચોરી કરેલ બન્ને મોટર સાયકલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### અખિલ ગુજરાત લોહાણા સમાજનાં નવનિયુકત પ્રમુખ જીતુભાઈ લાલને વધાવવા

## વીરપુર ખાતે લોહાણા (રઘુવંશી) સમાજને ઉપસ્થિત રહેવા જીતુભાઈ ગોળવાળાનો અનુરોધ

**રવિવારે બપોરે 3:30 કલાકે અભિવાદન સમારોહ યોજાશે**

અમરેલી, તા. ૨૭

ગુજરાત લોહાણા સમાજના નવનિયુકત પ્રમુખ તરીકે જામનગરના અગ્રણી ઉદ્યોગપતી અને સમગ્ર ગુજરાતના રઘુવંશી સમાજના સિંહ એવા જીતુભાઈ લાલની પ્રમુખ તરીકે તેમની ટીમ સાથે વરણી થઈ રહી હોય, અમરેલી જીલ્લાના તમામ લોહાણા મહાજનો તથા રઘુવંશીઓને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે વીરપુર ખાતે યોજાયેલ મહાસંમેલનમાં હાજરી આપવા ‘‘અમરેલી લોહાણા મહાજન’’ના પ્રમુખ જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)એ હાંકલ કરેલ છે.

અમરેલી જીલ્લાના રઘુવંશીઓ અને તમામ લોહાણા




મહાજનને નવનિયુકત પ્રમુખ તરીક જીતુભાઈ લાલને આવકાર અને અભિવાદન સંગઠીત રીતે કરીએ તેવી અપીલ કરેલ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• મોહનથાળ...
• બુંદી...
• મગીયા લાડું...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુધ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.












# રોગથી વધુ હાનિકારક...

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

વિશ્વના ૧૮૫ દેશોમાં ૪ અબજ કરતાં વધુ લોકો સુધી અસર ફેલાવનાર કોરોના વાયરસનું કુલ વજન ૧.૭ ગ્રામ હતું. બેકટેરીયા સુધી વિસ્તરેલ વિજ્ઞાનને પ્રથમ વખત અત્યંત સૂક્ષ્મ વાયરસની તાકાતનો પરિચય થયો. મેરીલેન્ડની ઈન્સ્ટિટયૂટફોર જીનોમ રિસર્ચના અહેવાલ અનુસાર માનવ હદયનાં સ્વસ્થ સંચાલન માટે ૭૦૦ પ્રકારનાં એકકોષીય સૂક્ષ્મ બેકટેરિયા કાર્યરત હોય છે અને શરીરના પાચનતંત્ર અવયવો તો અબજોની સંખ્યામાં ગટ બેકટેરિયાનું જનરલમાં પ્રકાશિત નોંધખ જણાવે છે. માઈક્રો એન્વાયરમેન્ટ જનરલમાં પ્રકાશિત નોંધ જણાવે છે કે પીવાલાયક પાણીનાં પ્રત્યેક ક્રિસ્ટલમાં રહેલ બેકટેરિયા જ પાણીને સ્વચ્છ અને પારદર્શી રાખે છે.

પ્રકૃતિની આમ છતાં પ્રકૃતિની અદભુત સંરચનાનાં સાક્ષી બેકટેરિયાનાં જેનેટિકલ માઈક્રોસ્કોપિક અભ્યાસ ઉપરથી ખ્યાલ આવે છે કે માનવ હથેળી ઉપરનાં નિવાસી ૧૫૦ પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓ પણ પોતાનાં રંગસૂત્રમાં એક બીજાથી બિલકુલ અલગ અલગ હોય છે. માનવ અસ્તિત્વના ૨૮ લાખ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમ વખત જીવ વિજ્ઞાનનબેકટેરિયા અને તેના સંયોજનમાંથી વિકસતા વાયરસથી જ શરીર વિકાસ, રોગ પ્રતિકાર અને ભય સામેના પ્રતિભાવોનું સમતુલન જાળવે છે. આજ પૃથ્વી ઉપર સરેરાશ ૨૦૦ વર્ષનું આયુષ્ય ધરાવતા હાથી અને ૫૦૦ વર્ષ સુધી દરિયાનાં પાણીમાં રહેતા કાચબા ઉપરનાં સંશોધનોથી ખ્યાલ આવે છે કે શરીરને પસંદ આવતો ખોરાક એકમાત્ર પર્યાપ્ત ઔષધ છે. તે સિવાય બહારથી ઉમેરાતા કેમિકલ સરવાળે માનવશરીરની પ્રાકૃતિક રીધમને ખલેલ પહોંચાડનારાં જ હોય છે.

ઉદાહરણરૂપે પુખ્યવયની સ્ત્રીઓમાં માસિકધર્મની સાઈકલ અને રોજીંદા જીવનનાં સંયોજન ઉપર અભ્યાસ કરતાં જાપાનાં વાસેદા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનું તારણ લક્ષમાં લેતાં ખ્યાલ આવે છે કે પિરિયડ દરમિયાન પ્રતિકૂળતા ટાળવા લેવામાં આવતી દવાઓમાં મેફેનામિક એસિડ, ઈઓસિનોફીલિયાના લીધે બેકટેરિયા પોતાની પ્રાકૃતિક રીધમ ખોઈ બેસે છે. પરિણામે શરીરથી શરીરની લડાઈ શરૂ થાય છે. એરિઝોના યુનિવર્સિટીના મનોવિજ્ઞાની માઈકલ વર્નુમનાં ફેક મેડિસીન (મનોરોગ) ઉપરનાં ૨૫૦૦ દર્દીઓ સાથેનાં અવલોકનો નોંધે છે કે ૮૦% માનવીય રોગોનું અસ્તિત્વ માનસિક હોય છે. ઈશ્વરના સાકારા સ્વરૂપ માફક રોગ હોતો જ નથી. મનોવિજ્ઞાની લખે છે – રોગ એ વ્યકિતની ધારણા માત્ર છે. મનના સ્તરે ઊભાં થતાં, વિકસતા અને સમાપ્ત થતાં શ્વસન, સ્નાયુઓ, લોહીનાં બંધારણીય ફેરફાર પ્રકારનાં સાઈકોસોમેટિક ડિઝીસમાં તો બહારની લેવાતી દવાઓ થકી બેકટેરિયા અને વાયરસનું સંયોવજન બિનજરૂરી રીતે ખોરવાય જાય છે.

આધારાભૂત સારવાર અંગેના ડબલ્એચઓનાં ૧૯૮૬ના ધોરણોમાં સ્પષ્ટતા કરાઈ છે કે "દવા સાપેક્ષ સ્થિતિમાં નકકી થાય છે. નહી કે દર્દી દ્વારા દર્શાવતી અસર (સિમટન્સ)ના આધારે." આમ છતાં કોરોના સ્થિતિમાં ઉપાય તરીકે મીથેલીન બ્લ્યુ અને રેમડેસીવરનો અતિરેક અમલમાં આવતા દર્દીનું ઓકિસજન લેવલ પ્રભાવિત થયું, કિડની ક્ષારથી કાયમી રીતે ડેમેજ થવા સાથે લોહીમાં વ્હાઈટ સેલનું પ્રમાણ અસ્થાયી બનતું જોવા મળ્યું. ગંભીર સ્થિતિમાં આઈ.સી.યુ માનસિક દબાણ વધારનાર બન્યાં. સરવાળે અનેક માનવશરીરનું આરોગ્ય સહથ સ્થિતિમાં ખસી ક્રિટિકલ બની બેઠું. એટલું નહિ પણ માનવશરીર ઉપર ૪૦૦ એકસ – રે જેટલી રેડિયેશન અસર છોડનાર સિટી સ્કેન પ્રકારની બિનજરૂરી સારવારથી પ્રભાવિત નાગરિકો આજે ત્રણ વર્ષ પછી યુવા વયે હદયરોગના હુમલાથી પીડાઈ રહ્યાં છે. ફ્રાન્સિસી શોધકોના વોશિંગ્ટનથી પ્રકાશિત તાજેતરના અભ્યાસથી જણાય છે કે કોડિ – ૧૯માં છૂટા હાથે દવાની દુકાનો હાઈડ્રોકસી કલોરોકવીન (HCQ)ના કારણે માત્ર અમેરિકા યુરોપમાં ૧૭,૦૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે.

આયુર્વેદ પણ યોગ્ય માત્રા, યોગ્ય રીતે અને યોગ્ય વયના ખ્યાલ સાથે પથ્ય અપથ્યની હિમાયત કરે છે. ઉદાહરણરૂપે સુવર્ણભસ્મ જેવી મૂલ્યવાન સારવાર પૂર્ણશોધભન પહેલાં શરીરમાં દાખલ કરવામાં આવે તો પાચનતંત્ર, કિડની અને ત્વચા ઉપર જવર ઊભરી આવે છે. શરીરના સહજ અનુકૂલનને જાળવી રાખવા માટે ઉપયોગી સારવાર પદ્ધતિમાં દવા એક આયામ માત્ર છે. ત્યારે તેનો અતિરેક વર્જિત બને છે. કબજીયાત, ચામડી પર ખંજવાળ, એકાએક ઝાડા, માથાનો દુખાવો, ઉબકા–ઉલ્ટી, શરદી, સુસ્તી અને નિરાશા પ્રકારનાં ચિન્હો કંઈકઅંશે ખોટી સારવારમાંથી ઉભરી આવે છે.

અમેરિકા અને યુરોપમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન એકટ પોતે જ એટલો પ્રભાવી છે કે ડોકટરો દર્દીને જરૂરિયાત અનુસાર માત્ર ડ્રગ સૂચવી શકે છે અને દાવ ફાર્માસિસ્ટ નકકી કરે છે. પરંતુ ભારતમાં દવાની કંપની અને ડોકટરોના પારસ્પરિક હિતોના લીધે બ્લડપ્રેશર, પીડાની દવા, શરદી ખાંસી માટેની દવા, વજન – વધારવા – ઘટાડવાની કંપનીઓની દવાઓ જ સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશનના ધારાધોરણથી નિમ્ન પુરવાર થાય છે.

વિક્રમ સંવત ૧૯૫૬ (વર્ષ ૧૮૯૯)માં દેશભરનાં શહેર ગામડાંઓને ભરખી ગયેલ છપ્પનિયા દુષ્કાળમાં ટૂંકી આર્થિક વ્યવસ્થા વચ્ચે નાગરિકોને ટકાવી રાખવાનાં હતાં. ત્યારે ગાયકવાડ રાજયે પ્રજાના પોષણયુકત ખોરાક આપ્યો અને સારવારની કાળજી ભગવાન ઉપર છોડી. વિશ્વકોશ નોંધે છે કે દેશભરમાં સહુથી ઓછો મુત્યુદર ગાયકવાડી રાજયોમાં રહ્યો. આ અભિગમ ૨૧મી સદીમાં હેલ્થ પ્રિન્સિપલ્સ વિટામિન – પ્રોટીન અને મિનરલ સિવાય શરીરમાં કોઈ કેમિકલ ન ઉમેરવા નવો ખ્યાલ વિકસ્યો છે. પ્રાકૃતિક આરોગ્યની હિમાયતીઓ આહાર એ જ ઔષધનો વિચાર દુનિયા પાસે મૂકી રહ્યા છે અને એ જ તો શરીરમાં રહેલ બેકટેરિયાનું સમતુલન જાળવવા પૂરતા છે.ચરકસંહિતાથી આપણી સંસ્કૃતિમાં આરોગ્ય દુર્લભની સ્થિતિ દર્શાવાઈ છે ત્યારે વ્યકિતએ વિવેક દાખવી, થોડી સહનશકિત ધારણ કરી શરીરને યોગ્ય ખોરાક સાથે જોડીને પૂરક ઔષધીઓ માટે સ્વસ્થ રહેવું ઘટે. યાદ રહે દવા એ સ્વયં બીજો રોગ બની શરીરમાં ઊતરે છે. યાદ રહે નિષ્ણાંત ડોકટરો દરદી માટે ઓછામાં ઓછી દવા લખી આપનાર હોય છે. યાદ રહે, મોંઘી દવા એટલે રોગનો શ્રેષ્ઠ ઈલાજ એવી બજારૂ ગણતરી ભ્રમ છે. યાદ રહે, સહજ સવાસ્થ્ય કદી ખર્ચાળ હોતું નથી.–

**સૌજન્ય – નવચેતન**



# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## અમરેલીનાં સાહિત્યકાર–લેખકોના નામ







**હર્ષદ ચંદારાણા :**

લોકસેવક નાથાલાલભા ચંદારાણાના પુત્ર હર્ષદભાઈનો જન્મ ૨૬મી જૂન ૧૯૪૭ના રોજ ચલાલા ખાતે થયો હતો. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી અમરેલીમાં વસવાટ કરે છે. વિજ્ઞાનના સ્નાતક હોવા છતાં સાહિત્ય તેમનો પ્રિય શોખ છે. તેમનાં કાવ્યો ' કવિતા', 'કુમાર', 'નવનિત સમર્પણ', 'ફૂલછાબ', 'કવિલોક', ' શબ્દસૃષ્ટિ', 'પરબ' વગેરે હઅનેક સાહિત્યિક સામાયિકોમાં પ્રસિદ્ધ તથઈ ચૂકયાં છે. તેમના કાવ્ય સંગ્રહો ' ફીણમોજા', 'નદીને મળ્યા પછી' વગેરેએ સાહિત્યકાસિકોમાં નવી જ છાપ ઉપસાવી છે. અમરેલીના સુપ્રસિદ્ધ કવિ સ્વ. રમેશ પારેખના પરમ મિત્ર એવા હર્ષદભાઈ અમરેલીમાં ચાલતી સાહિત્યિક પ્રવૃતિઓના માર્ગદર્શક છે.

**કાંતિભાઈ કામદાર :**

છ દાયકાથી અખબારી ક્ષેત્ર સાથે સંકળાયેલા વરિષ્ઠ પત્રકાર કાંતિભાઈ કામદાર વિદ્યાર્થી અવસ્થાથી લેખન અને પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય કાંતિભાઈ કામદાર વિદ્યાર્થી અવસ્થાથી લેખન અને પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય હતાં. ૧૯૫૫ થી ૧૯૭૫ સુધી તેમણે રાજકોટ, ભાવનગર અને અમદાવાદના દૈનિકોના પ્રતિનિધિ તરીકે

### ભાતીગળ સૌરાષ્ટ્ર

સેવા આપી છે. ૧૯૭૬થી તેમણે અમરેલીમાંથી 'નવસર્જન' સાપ્તાહિક ' જય વણિક'ના તંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહ્યાં છે. રાજકોટથી પ્રકાશિત થતા સૌરાષ્ટ્રના માતબર 'ફૂલછાબ' દૈનિકના અમરેલી ખાતેના પ્રેસ પ્રતિનિધિ તરીકે તેઓ ૧૯૯૫થી કાર્યરત છે. જૈન ધર્મના અભ્યાસ ઉપરાંત સાહિત્યમાં તેમને સવિશેષ રસ છે.


**નટવરલાલા શામળદાસ વોરા :**

અમરેલીના દાનવીર નટવરલાલા શામળદાસ વોરા નાની ઉંમરે મુંબઈ ગયા હતાં. ત્યાં તેમણે કોલસાનો ધંધો શરૂ કયોર અને જોતજોતામાં દેશના પ્રથમ હરોળના કોલ સપ્લાયરોમાના એક તરીકે નામના મેળ વી હતી. ૧૯૫૧માં એમણે મેંગેનીઝ અને આયર્ન ઓરની નિકાસનો વેપાર શરૂ કર્યો. તેમાં પણ પ્રથમ હરોળમાં સ્થાન મેળવ્યું છે. મુંબઈમાં એમણે કોઈ મરચન્ટસ એસોસિયેશન અને વેસ્ટર્ન ઈન્ડિયા મિનરલ એસોસિયેશન સ્થાપવામાં અગત્યનો ભાગ લીધો હતો. ગુજરાત મિનરલ ઈન્ડસ્ટીઝ એસોસિયેશનની સ્થાપના પણ તેમના પ્રમુખ પદે થઈ હતી. જાગેશ્વરી મુંબઈ ખાતે એમણે સ્ટાન્ડર્ડ મિનરલ પ્રોડકટસ નામનું જંતુનાશક દવાનું અદ્યતન કારખાનું સ્થાપ્યું હતું. અનેક વખત વિદેશયાત્રાએ જઈ આવેલા નટવરલાલ શેઠને મુંબઈ કરતાં પણ વતન અમરેલી વધારે પ્યારૂં હતું. અમરેલીની અનેક સંસ્થાઓને તેઓ દાન આપતાં રહેતાં. અવાર નવાર તેઓ અમરેલી આવી રહેતાં. અમરેલીમાં કોલેજ માટે તેમણે હોસ્ટેલ બંધાવી છે. એ ઉપરાંત વીસેક જેટલી વિવિધ સંસ્થાઓ સાથે તેઓ નજીકથી સંકળાયેલા હતાં. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટની શ્યામગોકુલ હોસ્પિટલ, રૂપાયતન ટ્રસ્ટની પ્રાથમિક શાળા માટે તેમણે ઉદાર દાન આપ્યું હતું. ઘણા વર્ષ સુધી તેઓ મુંબઈ કપોળ કો–ઓપ. બેંકના પ્રમુખ પદે રહ્યા હતાં. અમરેલી જીલ્લા વિદ્યાનસભાના તેઓ પ્રમુખ હતાં. તા. ૨૮/૬/૨૦૦૮ના રોજ તેમનું અવસાન થયું.

## સતી રામરખી

**વીરગતિ : ૨૬ મે, ૧૯૧૫**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક જાંબાઝ ક્રાંતિકારી ભાઈ મતિદાસના ભાઈ બાલ મુકુંદ પણ પ્રખર દેશભકત અને ક્રાંતિકારી હતાં. ૨૩મી ડિસેમ્બર, ૧૯૧૨ના રોજ તેમણે વાઈસરોય લોર્ડ હોડિંગની શોભાયાત્રા પર બોમ્બ ફેંકેલો. આ પ્રકરણમાં ભાઈ બાલમુકુંદને જેલની સજા થઈ. ભાઈ બાલમુકુંદનાં પત્ની હતાં લાજવંતી. જે આગળ જતાં સતી રામરખી તરીકે પ્રખ્યાત થયાં. આ ઘટના બની ત્યારે તેમના વિવાહને માત્ર એક જ વર્ષ થયું હતું. તેઓ હજુ સાસરે નહોતાં આવ્યાં. પિયરમાં જ હતાં. પતિની જેલના સમાચાર સાંભળીને તેઓ દિલ્હી આવી ગયાં. રામરખીએ જેલામાં પતિની મુલાકાત લીધી. તેમની પૂછપરછ કરી તેઓ શું ખાય છે ? કેવી રીતે સુએ છે ? જીવે છે, વગેરે ભાઈ બાલમુકુંદે પત્નીને પોતે ખાતા હતા તે રોટલી બતાવી. જાડા લોટની રોટલી, એમાં ઘાસ – ફૂસ પણ ભેળવેલું હતું. પોતે સુતા હતા એ પથ્થરની પથારી બતાવી અને ઓઢતા એ ફાટેલા ધાબળા પણ બતાવ્યા. રામરખી કંઈ જ ના બોલી. માત્ર આસું ઓસરતી રહી. પતિની મુલાકાત બાદ એણે ઘરે આવીને પોતાની રહેણી કરણી જ બદલી






નાંખી. જેલમાં પતિ જેવી અભાવો ભરેલી અને મુશ્કેલ જીંદગી જીવતા એવી જીંદગી રામરખી પણ જીવવા લાગ્યાં. દિવસે ફકત એક જ વખત જમવાનું, એ પણ જાડા લોટની રોટલી એમાં ઘાસ નાખેલું, ફાટેલા ધાબળા પર પથારીમાં સુવાનું અને સખત મહેનત કરવાની. તેમના મા – બાપ તેમને આ બધું કરતા રોકતા પણ તેઓએ કોની એક પણ વાત માની નહીં. આમ ને મહિનાઓ સુધી તેમણે આવી જીંદગી જીવી એ પછી બાલમુકુંદને ફાંસીની સજા જાહેર થઈ. રામરખીના પણ તળેથી જમીન સરકી ગઈ. એ છેલ્લી વાર પતિને મળવા માટે જેલમાં આવ્યાં અને એ જ દિવસથી અન્ન – જળનો ત્યાગ કર્યો. બધાએ ખૂબ સમજાવ્યા પણ ના માન્યાં. આમ ને આમ દિવસો વીતવા લાગ્યા. ૧૭ દિવસ સુધી તેઓ અન્ન – જળ વિના એક જ જગ્યાએ બેસી રહ્યાં. સતર દિવસ બાદ ૮મે, ૧૯૧૫ના રોજ બાલમુકંદને ફાંસી આપી દેવાઈ. તેઓ શહિદ થયા. એ પછી રામરખી સાવ સૂનમૂન થયાં. પોતાની પથારીમાંથી ઊભા જ ના થયાં. પોતાના શ્વાસ ઉપર ખેંચી લીધા. અંતે ૨૬મી, મે ૧૯૧૫નો દિવસ આવ્યો. બાલમુકુંદને યાદ કરતાં રામરખી બોલ્યાં, 'સ્વામી હવે મારાથી તમારો વિરહ સહન થતો નથી. તમે દેશ માટે સમર્પિત થયા એનું ગૌરવ છે, અને હવે હું પણ દેશ માટે, તમારા માટે સમર્પિત થઈ રહી છું. ભારત માતા મને તમારા સાન્નિધ્યમ સમાવી લો.' આટલું બોલીને રામરખી શાંત થઈ ગયાં. ધીમે ધીમે તેમોન શ્વાસ થંભી ગયો અને પતિની જેમ તેઓ પણ શહિદ થઈ ગયાં. શહિદી અને સતીત્વનો અનોખો સમન્વય હતો. આજે પણ લોકો તેમને સતી રામરખી તરીકે યાદ કરે છે.

**મને સ્વતંત્રતા દો, અગર મૃત્યુ આપો.**


## સમૂહ માધ્યમો અને બાળકો

રેડિયો, અખબાર, સામયિકો, ટી.વી., ફિલ્મ વગેરેસમૂહ માધ્યમોમાં શું શું જોવુ કે સાંભળવું એઅંગેનો નિર્ણય વાલીઓએ કરવાનો થાય છે.અખબારો પણ હવે તો સીધા જ ઘરમાં પ્રવેશવાદેવા જેવા હોતા નથી. સારા – સારા અખબારોસેકસ અને ક્રાઈમના સમાચારોને એવા ભડકાવીને રજૂ કરે છે કે બાળકના મન પર એની વિપરીતમુદ્રા ઉપસે છે. આવા અખબારીને સીધો જ ઘરમાં પ્રવેશ આપતા પહેલા એને વાલીઓએ ઓંસરીમાં કે ફળિયામાં એકવાર જોઈ જવા જોઈએ અને એમાંથી વાંધા જનક ફોટોગ્રાફ કે વાંધાજનક લખાણ કાપકૂપથી બાદ કરીને પછી જ એ બાળકોના હાથમાં આવે તેની સાવચેતી રાખવી જોઈએ. આખા ખારા સાગરને તો આપણે મીઠો કરી શકતા નથી, પણ




આપબુદ્ધિથી આપણે મીઠાં જળનો ઘડો જાળવી રાખવો પડે છે. ફિલ્મમાં અને ટેલિવિઝનમાં પણ ન જોવાનું જોખમો ઊભા જ છે. થોડીક બેદરકારી રાખો તો બાળકોની નજરે હિંસા અને એવા અનેક પ્રકારના વાંધા જનક દશ્યો અથડાય છે. સમૂહ માધ્યમોમાં જે કાંઈ પિરસાય છે તે બધું જ સીધેસીધું બાળકો સુધી પહોંચવા દેવા જેવું નથી.


## વાતાવરણ શુદ્ધ થશે જ !



પાંચમાં ધોરણમાં ભણતો પાર્થ આજ રવિવાર હોવાથી તેનાં મમ્મી – પપ્પા સાથે સાંજે બગીચામાં બેઠો હતો. ઉનાળાની ગરમીમાં બગીચામાં ફરવાની પાર્થને બહુ મજા આવતી હતી. તેનું ધ્યાન આકાશમાં જતાં તેના પપ્પાને કહે કે, 'પપ્પા, આ વખતે વરસાદ વહેલો આવે એવું લાગે છે. જુઓને આકાશમાં કાળાં વાદળો પણ દેખાવા લાગયાં.'નિરાશ વદને પંકજભાઈ કહે, 'બેટા, આ વાદળો નથી. આ તો પ્રદૂષણના ધુમાડાનું પડ છે, જે વાદળ જેવું દેખાય છે. હકિકતમાં તે બહુ નુકસાનકારક છે.'' પણ તે કેવી રીતે નુકસાન કરે ?' પાર્થ બોલ્યો.'અરે, બેટા ! તું બહુ નાનો છે. તને થોડુંક સમજાવું. કારખાનાનો ઝેરી વાયુ હવામાં ભળતા ઘણાબધા રોગો થાય છે. મોટા શહેરોમાં તો શુદ્ધ હવા પણ મળતી નથીફ. ઓકિસજન માસ્ક પહેરવા પડે તેવો સમય આવી રહ્યો છે. ફેફસાનાં રોગે માણસને ઘેરી લીધો છે. પ્રદૂષિત વાતવરણથી વરસાદ પણ અનિયમિત બનતાં સમગ્ર માનવજાતને ખતરો ઊભો થયો છે.' પંકજભાઈ ગંભીર થઈને એકીશ્વાસે બોલી ગયા. બે – ચાર દિવસ પાર્થ વિચાર કરતો રહ્યો કે આ સમસ્યાને કેમ ઓછી કરવી ? તેના મિત્ર પરેશને વાત કરતાં પરેશે કહ્યું કે, 'આપણે આપણા વિજ્ઞાનના શિક્ષકને પૂછીએ. તે આપણને સમજાવશે. શનિવારે બાલસભામાં વિકાસસાહેબને વિનંતી કરતાં કહ્યું કે, 'વાયુનું પ્રદૂષણ કેમ થાય છે ? અને તેનાથી છુટકારો કેમ મેળવી શકાય તે સમજાવો ને.'વાતની શરૂઆત કરતાં વિકાસ સાહેબ કહે કે, 'વાયુનું પ્રદૂષણ સંપૂર્ણ દૂર કરવું હાલના તબકકા બહુ અઘરૂં છે, પણ પ્રદૂષણને ઓછું થાય અને પર્યાવરણ જળવાઈ રહે તેવા ઉપાય હું તમને સમજાવું છું.''વધારે



વૃક્ષો વાવીએ તો આ વૃક્ષો ઝેરી વાયુ શોષી લે. તમે દરેક તમારા જન્મદિવસે એક વૃક્ષ અવશ્ય વાવજો અને ઉછેરજો. બીજું શકય હોય ત્યાં સુધી જાહેરપરિવહનનો ઉપયોગ કરવો. વધુમાં નજીક કયાંય જવું હોય તો ચાલીને અથવા ઈ– બાઈકનો ઉપયોગ કરવો. જો આ ત્રણેય બાબતો તમે દિલથી અપનાવશો તો ચોકકસ વાતાવરણ શુદ્ધ થશે જ !' સરળભાષામાં વિકસસાહેબે સમજ આપી.વિકાસ સાહેબની વાત આખી શાળાના વિદ્યાર્થીઓને ગળે ઊતરી ગઈ. બધા વિદ્યાર્થીઓએ સાહેબને ખાતરી આપી કે, 'હવે અમે ચોકકસ અમારા જન્મદિવસે વૃક્ષ વાવીએ ઉછેરીશું જ. પપ્પાને ઓફિસ જવા જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું કહીશું. પ્રેમથી સમજાવીશું તો અમારા પપ્પા પણ અમારી વાતને ટાળી નહી શકે. મોટા ભાઈ કે બહેનને પણ ઈ–બાઈકનો ઉપયોગ કરવા મનાવીશું.'બધા વિદ્યાર્થીઓની વાત સાંભળી વિકાસસાહેબ પણ હરખાતા બોલ્યા કે, ' ભારતનું ભાવિ તમારાથી ઊજળું છે. તમારા મનોબળથી વાતાવરણ શુદ્ધ થશે જ ! તેમાં બેમત નથી.' વિકાસસાહેબના પ્રોત્સાહનથી બધા વિદ્યાર્થીઓ પણ આનંદિત થયા.



**બાલમિત્રો,**

અત્યારે તમે તન, મન, બુધિથી નાના છો. પણ એનો અર્થ એ નથી કે તમે નાના જ રહેવાનાં છો. આપની કાલે તમે મોટા થવાનાં જ છો. તમે કિશોરાવસ્થામાં છો. ધીરેધીરે તમારી બુદ્ધિ, વિચાર પરિપકવ બનશે. ત્યારે કે અત્યારથી નીચેની થોડી શીખી આપવા માંગું છું. આ દ્રષ્ટી વાત જીવનમાં યાદ રહેશે. તો કયારેય દુઃખ તમારી નજીક આવવાની હિંમત પણ નહિ કરે. જરા જાણો એ દસ વાત કઈ છે.?

(૧) કહી મોડુ સુવું નીહ ને કયારેય મોડા ઉઠવું નહિ. (૨) લેવાદેવાનો હિસાબ કયારેય ન રાખતા (૩) ઉચ્ચ જીવન માટે સ્વાર્થી બનવું (૪) પોતાની વાત જ સાચી માનવી (૫) આંધળો કોઈનો વિશ્વાસ ન કરવો. (૬) અજ્ઞાન ન બોલવું (૭) દરેક કાર્ય સમયસર કરવું, (૮) માંગ્યા વિના કદી કોઈને સલહા ન આપવી. (૯) ભૂતકાળને યાદ રાખવો. (૧૦) માત્ર પોતાને જ વિચાર ન કરવો.સુખી થવાનો આ રાજમાર્ગ છે.

## પંડિત રાજાની વાર્તા

એક હતો રાજા. મોટો પંડિત, કેટલાંય પુસ્તકો ભણેલો કેટલાંય પોથાં ઉથલાવેલાં, કેટલાંય વરતો જાણે ! ઘણો મોટો પંડિત હતો. એવડો મોટો કે એની સાથે કોઈ વાત કરી ન શકે. એવો મોટો કે કોઈ એનું બોલ્યુંય ન સમજે. એવડો મોટો કે કોઈથી જવાબ જ ન અપાય !

રાજા પાસે નવ પંડિતો હતા. એકએકથી ચડિયાતા, એકમેકથી ભણેલા ને એકએકથી ગણેલા. એ પણ નર્યા પંડિત જ ! રાજા પાસે બેસે, પંડિતાઈ ડોળે ને પંડિતાઈ હાંકે. પણ રાજા આથી મોટો પંડિત.

રાજાને એક દીકરી હતી, રૂપ રૂપનો ભંડાર ને ગુણ ખુદને ખાસ સોળ વરસની કુંવરી. વરવા જેવડી થયેલી.

ગુજાએ વિચાર કર્યો : ' કોને કુંવરી પરણાવું ? ધન તો માટે કે, રાજ ને પાટ પણ છે. જોઈએ એ તે છે. મારે તો પંડિત જોઈએ. પંડિતોથીય મોટો મારાથીય મોટો એવો પંડિત કે હું મા જવાબ ન આપી શકું. મને પણ માત કરે !'

રાજાએ ઢંઢેરો પિટાવ્યોઃ 'કુંવરી વરવા જેવડાં થયાં છે. ધનવાન નહિ, અમીર નહિ, ઉમરાવ નહિ, એક; પંડિત હોય તે આવે. બ્રાહ્મણ હોય, કુંભાર હોય, ઘાંચી હોય, મોચી હોય ગમે તે હોય પણ પંડિત હોય તે આવે. અમારી વાત વરતે ને અમને હરાવે એને કુંવરી આપું. ન વરતે તો માથું વાઢી તોરણ કઢં.'

રાજાની કુંવરી ને રૂપનો અવતાર. એને વરવાનું મન કોને ન થાય ? સાથે અરધું રાજ ને અરધું પાટ પણ મળવાનું.

પણ કોની હામ ચાલે કે રાજાને હરાવવા જાય ?

કોણ એવો ભણેલો હોય કે રાજાની તોલે આવે ? કોણ એવો પંડિત હોય કે રાજાને પાછો પાડે ?

તોયે પંડિતો કાંઈ ઢાંકયાં રહે છે ? પુસ્તક લીધાં, પોથી લીધી, પાઘડી મૂકી, લાકડી લીધી ને ચાલી નીકળ્યા.

પણ કાંઈ રમત વાત હતી ? નવ પંડિતને દસમો રાજા ! એકને સાંભળોને બીજાને ભૂલો. એકએકથી બીજો જણ ન સમજાય એકએકથી અઘરૂ બોલે ને એમાં રાજા સૌનો શિરોમણિ !

શહેરે શહેરે ને ગામડે ગામડે ઢોલો વાગ્યા ને ઢંઢેરો પિટાયો. કોના ભાર કે ઢોલને અડે ને કહેણ સ્વીકારે ? ત્યાં કાંઈ રમત વાત નહોતી. હારે તો નાળિયેર જેવડું માથું આપવું પડે તેમ હતું ! પાંચ દસ માથાં તો તોરણે બંધાયાં હતાં !

ગામડુ હતું. કણબી હતો. કણબીને એક છોકરો હતો બટકબોલો ને હિંમતવાળો. ભણતર–ગણતરમાં તો મીંડું, હૈયું કાંઈ ઉકેલે ! ઘરડો ડોસો મૂંઝાય પણ છોકરો ન મૂંઝાય. ફાવે તે કોયડો નાખોને, છોકરો એ ઉકેલે ! ગમે તે વાત કરોને, છોકરાને એ સમજાઈ જાય !

ઢોલ પિટાયો ને છોકરાએ સંદેશો સાંભળ્યો. મનમાં કહે: 'અરે, એમાં શું છે ? એવા પંડિત તે કેવા હતા કે બોલ્યું એનું ન સમજાય ? ને એવા સવાલ તો કેવા કે જવાબ જ ન દેખાય ? ને એ વળી ઈતિહાસ કે ભૂગોળનું ભણ્યા હશે, તો ચાલને બે–પાંચ દિવસ આપણે પણ ભણી લઈએ. ગામનો માસ્તર કયાં ગયો છે ?'

છોકરો તો માસ્તર પાસે ગયો ને બોલ્યો: 'માસ્તર સાહેબ ! મારે ભણવું છે. બધુંય ભણવું છે. ઊંચેનું ને નીચેનું અગમનું ને નિગમનું બધાં શાસ્ત્રો માત્રનું. આઠ દિવસમાં અમારી દેવાનું, હો ? જે કહેશો તે આપીશ.

માસ્તર કહે : 'અલ્યા, ગાંડો થા મા ગાંડો. ભણીને શું કરવું'તું ? ને તું વળી કયે દિવસે ભણતો'તો !

તોય છોકરે ભણવા માંડયું. કક્કો શીખ્યો, બારાખડી શીખ્યો ને કાકા, મામા, ગાય, ભેંશ, ગધેડું એમ વાંચતાં પણ શીખ્યો. ત્યાં તો માથું પાકી ગયું. છોકરો કહે 'ઓહો ! આ મન તો જીવ જાય. ઘેર ગયું ભણવું. ચાલોને આપણે રાજદરબારમાં તો જઈએ ! જોઈશું તો ખરા કે એ પંડિત કેવા છે ? કંઈક તો આપણને આવડતું હશે ને ? બધુંય એના બાપ કયાંથી ભણ્યા હશે ?' મા–બાપને કહીને છોકરો તો ચાલ્યો. ચાલતાં ચાલતાં વિચાર કરતો ચાલ્યો જતો હતો, ત્યાં એક નીચું ઝાડ આવ્યું ને ડાળ માથા સાથે ભટકાઈ; તડિમ કરતું લાગ્યું. છોકરો કહેઃ 'આ તો ડાળ તડમં થયું! ઠીક છે. આપણે આ સવાલ પૂછ્યું: ' ડાળં તડંમં.'

છોકરો આગળ ચાલ્યો ત્યાં ખેતરમાં એક ગાય બરાડતી હતી. છોકરો કહેઃ 'આ તો ગાય બરાડે છે. કહો આપણે કે : 'ગાય બરંડં' ઠીક બે સવાલ તો થયા.

'ડાળં તડંમં,
ગાયં બરંડં.'

છોકરો તો બે સવાલ ગોખતો ગોખતો ચાલ્યો. રસ્તામાં નદી આવી. ભાઈએ તો લૂગડાં કાઢયાં ને ગાંસડી માથે મૂકી ચાલ્યો નદી પાર. જરાક તાણ હતું તે ભાઈ તણાયા. કહેઃ 'માર્યા આ તો !' પણ ત્યાં તો નદીમાં એક બાવળિયો હતો તે ભટકાયો. ને ભાઈ અટકી રહ્યા. ભાઈને નાકમાં એક કાંટો લાગ્યો હતો તે મહામહેનતે કાઢયો.પછી

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

ભાઈએ જોડી કાઢયું : 'નાકં કંટં'

ભાઈ તો કાંઠે આવ્યા, લૂગડાં પહેર્યાં. અને પછી

'ડાળં તડમું,
ગાયં બરંડં
નાકં કંટં.'

એમ ગોખતાં ગોખતાં આગળ ચાલ્યા, ચાલતાં ચાલત રાજદરબારમાં આવ્યા. દરવાજે સિપાઈ ઊભો હતો. છોકરો કહે – ' રાજાજીને ખબર આપો કે પંડિતજી આવેલા છે.'

સિપાઈ કહે : ' ઓત્તારીની ! નહિ દીઠો હોય મોટો પંડિત !'

છોકરો કહે : 'જા, રાજાને કહે કે કુંવરીને પરણવા આવ્યો છું.'

સિપાઈ કહેઃ 'બાપુ ! જાને ? નાહકનો મરવા શું કામ આવ્યો છે ? આ માથાં ટીંગાય છે એ નથી જોતો ?'

'હા, તે માથું ઉતરાવવા આવ્યો છું.'સિપાઈ અંદર ગયો ને રાજાને વરદી આપી.નવ પંડિતો ને રાજાજી બેઠા હતા. બધા જમીન આંતરતા હતા મોઢાં ફિક્કાં હતાં, શરીર દૂબળાં હતાં, ભમ્મર ચોલી હતી. કંઈ મોટા વિચારમાં ડૂબેલા હતા; કંઈ પંડિતાઈમાં પડેલા હતા.છોકરો અંદર આવ્યો; સૌએ ઊંચું જોયું. રાજાએ પૂછયું : 'કેમ જુવાન ! કેમ આવ્યો છે ?''કુંવરીને પરણવા.'રાજાએ પંડિતોને કહ્યુંઃ 'પૂછો એ છોકરાને પ્રશ્ન. પહેલો તમારો વારો પછી મારો વારો. પહેલો પંડિત ઊઠ્યો અને કાંઈક બોલ્યો. લાંબું લાંબું, કેટલાય હાથ લાંબું ! મોટા મોટા શબ્દોવાળું, ગોળા જેવું ગોળ હાથ કેટલું કેટલું બોલ્યો. મોઢું હલાવતો ગયો, આંખ ચડાવતો ગળો કપાળે કરચલીઓ પાડતો ગયો, મોઢું મરડતો ગયો, કોઈક ચાળા કરતો ગયો. કોણ જાણે એય સમજયો હોય તો ! છોકરો કશુંય ન સમજયો. એક પૈસાભાર પણ ન સમજયો; પણ ડોકું ધુણાવે રાખ્યું !

# ટેડીને વાંદરાની વાર્તા

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!
હસમુખ બોરાણિયા



નાનકડી રીષિકા અને ત્રિશા. બંને બહેનો દાદીમા પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રીષિકાએ કહ્યું, ''હું વાર્તા કહું ?'' દાદીમાએ નવાઈ પામતાં કહ્યું, હા રીષિકાએ કહેલી બાળવાર્તા માણીએ.

અમે ફ્લેટમાં રહિએ છીએ. આસપાસમાં ઘણાં બધાં ઝાડ પણ છે. ઘણી વાર વાંદરાઓનું ટોળું આવી ચડે. સાથે નાન બચ્ચાં પણ હોય.

એક શું થયું ખબર છે? ચાર – પાંચ વાંદરાં અમારાં રસોડામાં ઘૂસી ગયાં. રસોડામાં પડેલા બટાકાં, કેળાં ઉપાડીને પાછાં ભાગી ગયાં.મમ્મી દોડયાં. પણ વાંદરાં તો વાંદરાં ! હૂપાહૂપ કરીને સીધાં સામેનાં ઝાડ પર! ત્યાં બેસીને બટાકાં, કેળા ખાવા લાગ્યાં !

હું બધું જોતી હતી. મારી નજર ઝાડ પર પણ ગઈ. બે વાંદરાં માટે ટેડીથી રમતાં હતાં. અરે ! અરે મારૂં ટેડી લઈ ગયાં ?

એક વાંદરાએ ટેડીનો હાથ પકડેલો. બીજાએ પગ પકડેલો. બંને ખેંચાખેંચ કરે. બીજો વાંદરો બટાકું ખવડાવવા મથતો હતો. ટેડી ખાઈ શકે કંઈ ? વાંદરાનાં ટોળાં તોફાને ચડયાં. કોઈએ વાંદરાને ભગાડવા ફટાકડા ફોડયાં. વાંદર ભાગ્યાં. મારા ટેડીનો ઘા કર્યો. ટેડી પડયું નીચે. મમ્મી દોડીને ટેડી લઈ આવી. ટેડીને સાફ કરી મને આપ્યું. હું ટેડીથી રમવા માંડી !આવું થયું બોલો !

દાદીમાએ ધીમેથી પૂછયું, ''હવે વાંદરા નથી આવતાં ?''રીષિકા બોલી, ''આવે તો છે પણ અમે હવે જાળી નખાવી દીધી છે. એટલે અમારા ફલેટમાં ઘૂસી નથી શકતાં.''

# કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી



અર્થ : અમીર અને ગરીબ કે પંડિત અને મૂર્ખ માણસ વચ્ચે આસમાન–જમીનનો તફાવત હોવો.

પ્રાચીન કાળની વાત છે. રાજા ભોજ નામે એક પ્રસિદ્ધ રાજા હતો. એને એક રૂપાળી દીકરી હતી. રાજાને તે ખૂબ વહાલી હતી. તે તેની દરેક ઈચ્છા પૂરી કરતો હતો. રાજકુમારીને સંગીતનો ઘણો શોખ હતો. રાજાએ તેનો શોખ પૂરો કરવામાં કશી કમી રાખી ન હતી. રાજાના દરબારમાં ઉત્તમ ગાયકો અને સંગીતકારોનો મેળો જામતો હતો. રાજકુમારી ઉંમરલાયક થતાં તેની માતાએ તેની પસંદગી વિશે પૂછયું. રાજકુમારીએ કહ્યું, 'મા, હું એવા માણસ સાથે લગ્ન કરીશ જેનો અવાજ ખૂબ જ મધુર અને દર્દીલો હોય. એ એવો ગાયક હોવો જોઈએ જેને સાંભળીને શ્રોતાઓ ખાવા–પીવાનું ભૂલી એક ધ્યાન થઈ જાય.રાણીએ રાજાને રાજકુમારીની ઈચ્છા જણાવી. રાજાએ રાજયમાં ઢંઢેરો પિટાવ્યો કે રાજયમાં જે સારા ગવૈયા હોય તે દરબારમાં આવે અને પોતાના કંઠનાં કામણ રજૂ કરે. જેનો રાગ અને અવાજ રાજકુમારીને ગમશે તેની સાથે રાજકુમારીનો વિવાહ કરવામાં આવશે.રૂપ રૂપના અંબાર જેવી રાજકુમારીની વરણી કરવા મોટા મોટા રાજકુમારો અને ગવૈયાઓ દરબારમાં ઊમટી પડયા. પણ રાજકુમારીને કોઈનો સૂર ગમ્યો નહીં.એક દિવસ રાજા રાજકુમારીને લઈને દેશાટન કરવા નીકળ્યા. રસ્તામાં એક નગરમાં પડાવ કર્યો. વહેલી સવારે કોઈના ગાવાનો મીઠો–મધુરો અવાજ સંભળાયો. ખૂબ સુંદર અને કર્ણપ્રિય સ્વર સાંભળી જાગી ગયેલો રાજા અને રાજકુમારી છાવણીમાંથી બહાર આવ્યાં. અવાજ નજીકથી જ આવતો હતો. તેમના ઉતારા નજીક એક ઘાંચીનું ઘર હતું.

તે ઘાણી ફેરવતાં ફેરવતાં ગીત ગાતો હતો. રાજા અને રાજકુમારી ત્યાં આવ્યાં. તેણે ઘાણી ઉપર બેઠેલા નવજુવાન ગંગુ ઘાંચીને જોયો. રાજકુમારીએ આવો મોહક અવાજ કયારેય સાંભળ્યો ન હતો. ગીત પૂરૂં થતાં ઉતારે જઈ રાજકુમારીએ પિતાને કહ્યું, 'હું આ જુવાન સાથે લગ્ન કરીશ.'રાજાએ રાજકુમારીને સમજાવતાં કહ્યું, 'બેટા, એ એક સામાન્ય માણસ છે. એની અને આપણી સરખામણી ન થાય. કયાં રાજા ભોજ અને કયાં ગંગુ ઘાંચી ?

પરંતુ રાજકુમારીની જીદથી હારી–થાકી રાજાએ ગંગુને બોલાવ્યો અને માંડીને વાત કરી. ગંગુ તો ગભરાઈ ગયો. તે હાથ જોડીને કહેવા લાગ્યો. 'મહારાજ, હું ગરીબ તેલી છું. મારી અને રાજકુમારીની બરાબરી શી રીતે થાય? હું તો એનો ચાકર થવાને પણ લાયક નથી. મને માફ કરો કારણ કે કયાં આપ જેવા રાજા ભોજ અને કયાં મારા જેવો ગાંગો તેલી?'

# હસવાની મનાઈ છે.

**દિલીપ મેટરનિટીમાં !**

દિલીપ હંમેશા માંદો રહેતો. એ પોતાના સૌ દોસ્તોને કહેતો હતો કે પોતે શહેરન દરેકે દરેક હોસ્પિટલમાં જઈ આવ્યો છે.

મનહરે કહ્યું: ''પરંતુ તારી વાત માન્યામાં આવે તેવી નથી.''

''કેમ ?''

''શુ તે મેટરનિટી હોસ્પિટલમાં જઈ આવ્યો છે ?''

''ચોકકસ ! ત્યાં તો હું જન્મેલો.''

**કમાઈ દિકરા !**

શેઠ જુહારમલ : ''શું તમારો દીકરો કૌશિક અમેરિકામાં બહુ પૈસા કમાય છે ?''

કરોડીમલ : ''શું કમાય છે એની તો ખબર નથી, પણ એટલે ખબર છે કે પોલીસ એને વિષેની સહેજ માહિતી માટે પણ પચાસ હજાર ડોલર આપવા રાજી છે. !''

**ઓછાબોલો આદમી**

દિલીપ : ''મનહર, તારી વાત ટૂંકમાં પતાવ. મને બહુ શબ્દો બોલવાનું ગમતું નથી.''

મનહર : ''હું પણ બહુ બોલવા ટેવાયેલો નથી. હં પરણેલો છું.''


**સરળ ઈલાજ**

એક જીવન નિર્માણ સંબંધી પુસ્તકના મથાળે છપાયું હતું –''કોઈને આપઘાતમાંથી બચાવી લેવા માટે સરળ ઈલાજ છે, લગ્ન.''


તે પુસ્તકના પાછળના પાને લખાયેલું હતું કે –

'...અને લગ્નથી બચવાનો એકમાત્ર ઉપાય હોય તો તે છે આત્મહત્યા.'

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. વાસનાને ઉચ્ચતમ બનાવો. સત્સંગથી વાસના ઉચ્ચતમ બનશે.
૨. વારંવાર મનુષ્ય જે બોલે છે, જેવા વિચારો કરે છે, તેવો તે થાય છે.
૩. કામક્રીડા કરનારની બુદ્ધિ જડ થાય છે.
૪. કાળ આવે ત્યારે પગને પહેલો પકડે છે, પગની ગતિ ક્ષીણ થાય ત્યારે માનજો કાળે પકડયો છે. પગની ગતિ એકદમ ઓછી થઈ જાય એટલે સાવધાન થઈ જવું, હવે કામ સમીપ છે. પરંતુ કાળના કાળશ્રી કૃષ્ણના દર્શન થાય તો કાળનો નાશ થાય છે.
૫. મનુષ્ય જન્મ પહેલાં તેનું કોઈ સગું ન હતું અને મર્યા પછી કોઈ સગાં રહેવાનાં નથી.
૬. જીવ નિર્મળ બને છે એટલે ઈશ્વરને શરણ જાય છે. જીવ અતિશય તરફડે છે, વ્યાકુળ થાય છે, ત્યારે પરમાત્માને પોકારે છે.
૭. હાય હાય કરી હૈયું બાળશો નહિ, અત્યારથી જ હરિહરિ કરવાની ટેવ પાડો. આજથી શ્રી હરિનું સ્મરણ કરો તો અંત : કાળે શ્રી હરિ યાદ આવશે. પગની શકિત ઓછી થાય ત્યારેઅ માનજો હવે મરવાનો છું.
૮. ગજેન્દ્ર જેવા આર્ત થઈ ગજેન્દ્ર – મોક્ષનો પાઠ કરશો તો અંતકાળ સુધરશે. આ સ્તુતિનો નિત્યપાઠ કરવાની અંતકાળમાં પરમાત્મા લેવા આવશે, સંકટમાંથી મુકત કરશે, ખરાબ સ્વપ્ના નહિ આવે.
૯. બને તો મત્સ્યાવતાર ચરિત્રનો પાઠ કરજો. મધ્યરાત્રીએ રાસપંચાધ્યાયીનો પાઠ કરવો.
૧૦. યાદ કરશો તો ભગવાન અંતકાળે દોડતા આવશે. ભગવાનને એ કહેજો, કે તે અંતકાળે આવે.

## જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) કયા મોગલ બાદશાહે તમાકુની ઓળખ કરાવી ? – તલવંડી
(૨) મુંબઈ દહેજમાં કોને મળ્યું હતું. ? – બ્રિટિશ સમ્રાટ ચાર્લ્સ બેને
(૩) ગૌતમ બુદ્ધે કયા વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું ? – પીપળો
(૪) ચંદ્ર ગૃપ્ત મોર્ય પછી મગધની ગાદીએ કોણ આવ્યું ? – બિદુંસાર
(૫) ''કયા રાજાએ જાહેર કર્યુ કે, '' મારા નગરમાં યુદ્ધના નગારા કયારેય નહી વાગે'' ? – અશોક
(૬) ગુપ્તવંશના સમય દરમિયાન કયા મહાન ખગોળશાસ્ત્રી થઈ ગયા ? – આર્યભ ટ્ટ
(૭) હાલ બિહાર પ્રાચીન સમયમાં કયા નામે ઓળખાતું ? – મગધ
(૮) આર્યો વરસાદ માટે કયા દેવની પુજા કરતા ? – પર્જન્ય
(૯) બાબરનો મકબરો કયા આવેલો છે ? – લાહોરમાં
(૧૦) શાહજહાનું મુળ નામ શું હતું ? – ખુર્રમ

## ઝળહળ ઝાકળ
**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

### રોપડા પર પ્રગટયો સુંગધનો દીવો !

પૃથ્વી પરના મોટાભાગના માનવો ગતાનુગતિક 'ઘેટાવાદી' છે, તેથી તેને દોરનારા હંમેશાં આ વિશાળ સમુદાયનો ગેરલાભ ઊઠાવતા હોય છે, એ આગેવાન પછી ધર્મગુરૂઓ હોય કે હોય રાજકારણીઓ !


વિચારનો દીવ બુઝાય જાય તો શું થાય ? નદીમાં જીવતી માછલી તરતી રહે, પણ મરી ગયેલી માછલી જળપ્રવાહમાં તણાતી રહે છે.

અન્યના વિચારો પોતાના શાણપણના પ્રકાશમાં જે માણે છે, તે જ જીવંત છે... વગર વિચારે જે સ્વીકારી લે છે, તેનું અચ્યુતમ કેશવમ...!

## પ્રયોગ – ૧૪
## પાણીમાં અશુદ્ધિઓ

સાધન : બિકર, ચમચી
પદાર્થ : પાણી, ધુળ
રીત : બિકરમાં થોડું પાણી લો.
તેમાં એક ચમચી ધૂળ નાખો.
તેને ચમચી વડે હલાવો, ઠરાવો દો.
અવલોકન : કેટલીક અશુદ્ધિઓ પાણીની ઉપર તળે છે.
કેટલી અશુદ્ધિઓ પાણીમાં તળિયે બેસી જાય છે.
અમુક અશુદ્ધિઓ પાણીમાં થોડાઘણા અંશે ઓગળી જાય છે.
પાણીમાં નરી આંખે જોઈ શકાય તેવા સૂક્ષ્મ જીવો રહેલા હોય છે.
તારણ : પાણીમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની અશુદ્ધિઓ રહેલી હોય છે.
૧. અદ્રાવ્ય અશુદ્ધિઓ
૨. દ્રાવ્ય અશુદ્ધિઓ
૩. સૂક્ષ્મ જંતુઓની અશુદ્ધિઓ
દુનિયાનો સૌથી અટૂલો પણ માનવવસ્તી ધરાવતો ટાપુ કયો છે ?

## પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ



**દુનિયાનો સૌથી અટૂલો પણ માનવવસ્તી ધરાવતો ટાપુ કયો છે ?**

સૌથી દૂરદરાજનું સ્થાન દક્ષિણ એટલાન્ટિક મહાસાગરામાં આવેલા ત્રિસ્તાનદકુન્હા ટાપુનું છે. માર્ચ ૧૫૦૬માં પોર્તુગિઝ એડમિરલે ૯૮ ચોરસ કિલોમીટરનો એ ટાપુ શોધ્યા પછી આજેય તેની વસ્તી ૨૭૫ કરતાં વધારે નથી. ત્રિસ્તાનદકુન્હાનો નિકટતમ ટાપુ સેન્ટ હેલેના ૨,૧૧૨ કિલોમિટરના અંતરે છે, જયારે નજીકનો ખંડ આફ્રિકા ૨,૭૨૦ કિલોમીટર છેટે પડી જાય છે.

# કૃષ્ણનું સત્યાત્મક સ્વરૂપ




આ શબ્દો સાંભળતાં જ અર્જુન ખડ્ગ ખેંચે છે સૌને નવાઈ લાગે છે. કૃષ્ણને તો વધારે નવાઈ લાગે છે. દુર્યોધન જેવા ભાઈઓ સામે યુદ્ધ કરવામાં અવઢવ અનુભવતો અર્જુન યુધિષ્ઠિર સામે ખડ્ગ શા માટે ખેંચે છે ? કૃષ્ણ પૂછે છે : 'ભાઈ, આપણે તો યુધિષ્ઠિરની ખબર પૂછવા આવ્યા છીએ. ખબર પૂછી લીધા. ચાલ, હવે રણભૂમિમાં જઈએ. અહીં તું કોને મારવા ખડ્ગ ખેંચે છે ? અહીં તો તારે જેની હત્યા કરવી પડે એવું કોઈ દેખાતું નથી !' અર્જુન ક્રોધથી ભડકી રહ્યો છે. એ કહે છે : 'જે કોઈ ગાંડિવ – બીજાને આપી દેવાનું કહે તેનું માથું ઊતારી લેવાની મેં પ્રતિજ્ઞા કરી છે. યુધિષ્ઠિરે તમારી હાજરીમાં આ શબ્દો મને કહ્યા છે, એટલે અત્યારે જ– એમનો વધ કરી સત્યના ૠણમાંથી મુકત થઈશ.'

આટલું કહે છે, ત્યાં અર્જુનને પોતે શું બોલે છે તેનો ખ્યાલ આવે છે. એટલે એ થોડોક સ્વસ્થ થાય છે. એ કૃષ્ણને કહે છે : 'તમે મારી પ્રતિજ્ઞા જાણો છો – તમને ભૂતભવિષ્યની ખબર છે. તમે જ કહો, મારે શું કરવું જોઈએ ?'

કૃષ્ણ કહે છે : 'પાર્થ, મને અત્યારે ખ્યાલ આવે છે 'ન વૃદ્ધા સેવિતાસ્વાતવયા તેં વૃદ્ધોને સેવ્યા નથી. નહીંતર, કાર્ય કે અકાર્યનો નિર્ણય કરવામાં તું વિવેક કરત. ' પ્રાણિનામવધસ્તાત સર્વ જયાયાન્મતો મમ.'

કુઢક્ષેત્રના યુદ્ધ વચ્ચે ગીતાનો ઉપદેશ આપનાર કૃષ્ણ અર્જુનને કહે છે : 'મારા મતે પ્રાણીનો અવધ એટલે કે અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે. અસત્ય બોલવું પડે તો બોલવું પણ હિંસા ન કરવી.

અર્જુન પ્રતિજ્ઞાના સત્યની વાત કરે છે ત્યારે ભાગવતકાર જેમને, સત્યાત્મક કહે છે એ કૃષ્ણ અર્જુનને સમજાવે છે :'સત્યસ્ય વચનં શ્રેય : સત્યાદપિ હિતં ભવેત

યદભૂતહિતમત્યન્ત – મેતત સત્યં મતં મમ.'

સત્યનું વચન જ શ્રેય કરનાર છે : સત્ય કરતાં હિતકારી વચન વધારે કલ્યાણકારી છે. સર્વ પ્રાણીનું જેમાં હિત છે તેને હું સત્ય માનું છું. કૃષ્ણ આગળ કહે છે :


'સત્યસ્ય વચનં સાધુ ન સત્યામ વિદ્યતે પરમ
તત્વેનૈતત્સુ દુર્જેયં યસ્ય સત્મનુષ્ઠિતમ'

સત્યવચન સાધુ શ્રેષ્ઠ છે. સત્યથી પર કંઈ જ નથી. છતાં સત્યનું અનુષ્ઠાન કરનારાઓ પણ સત્યના તવને જાણતા નથી હોતા અને પછી કૌશિક બ્રાહ્મણની કથા કહે છે.લૂંટારાઓ વટેમાર્ગુઓની પાછળ પડયા હતા. વટેમાર્ગુ ઝાડીમાં સંતાઈ ગયા. લૂંટારાઓએ તપસ્વી કૌશિકને પૂછયું : 'અમને સત્ય કહે. તેં અહીં કોઈને જોયા છે? કૌશિક સત્ય કહી દે છે અને લૂંટારાઓ વટેમાર્ગુઓની હત્યા કરે છે. કૃષ્ણ કહે છે જયાં મૌન– અવ્યકવ્ય–મદદરૂપ થતું હોય ત્યાં સત્ય બોલવા કરતાં મૌન રાખવું. જયાં મેનથી અવ્યકવ્યથી શંકા ઊભી થતી હોય, ત્યાં અસત્ય બોલવું વધારે સાઢં છે. ધર્મ માટે અસત્ય બોલનારને અસત્યવાદી ન કહેવાય. માટે હવે નક્કી કર, આ ખડગથી તારે યુધિષ્ઠિરનો વધ કરવો યોગ્ય ?'

અર્જુનને જ્ઞાન થાય છે. એ કહે છે : 'ના, એ તો મારાથી ન થાય. તમે મને કોઈક ઉપાય બતાવો જેથી ગાંડિવ બીજાને આપી દેવાનું કહેનારનો વધ કરવાની મારી પ્રતિજ્ઞા સચવાય અને યુધિષ્ઠિરનો વધ ન કરવો પડે.'

# ગાલપચોળાં

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



કારણ : ગાલપચોળાં એ ચેપી દર્દ છે. ગળામાં આવેલ લસિકાગ્રંથિ તેમજ પેરાટિક ગ્રંથિમાં સોજો ઉત્પન્ન થતાં દર્દીના એક બાજુનાં કે બન્ને બાજુના ગાલ પર સોજો ચડી, દુ:ખાવો થાય છે.

૧. ગાલપચોળાં પર મીઠું તથા કાળીજીરી સમાન વજને લઈ, પાણી સાથે વાટી, સહેજ ગરમ કરી તેનો લેપ કરવો.

૨. ગંધારો વજ અને કાળીજીરી સમાન વજને લઈ, પાણીમાં માખણ જેવા વાટી, ગરમ કરી દિવસમાં બે વખત લગાવવાથી ગાલપચોળાં મટે છે.

૩૨ ગેસ – વાયુ કારણ : મંદાગ્નિ, અજીર્ણ, વિરૂદ્ધ આહાર, કબજીયાત, આદિ રોગના કારણે પેટમાં વાયુનો ભરાવો થાય છે. આંતરડા ફુલીને ઉપસી આવે છે. વાછૂટ થતી નથી પરિણામે ગેસ – વાયુના દર્દી આકુળ વ્યાકુળ બને છે.

૧. સૂંઠ, સૂવા, સંચળ ત્રણે સમાનભાગે લઈ, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવવું. બે થી ત્રણ ગ્રામ ચૂર્ણ બે વખત જમ્યા પછી પાણી સાથે લેવાથી ગેસ મટે છે. ભૂખ લાગે છે. ગમે તેવો વાયુ થયો હોય ત્યારે કામ આપે છે. ૨. વાપુંભા, વાવડિંગ અને સુવાદાણા ત્રણેનું સમભાગ ચૂર્ણ કરી જમ્યા પછી ૦।૦। તોલો આ ચૂર્ણ પાણી સાથે લેવું.

૩. હીમેજ ૫૦૦ ગ્રામ, કાળાં મરી ૧૨૫ ગ્રામ મીંઢીના પાન ૧૨૫ ગ્રામ, એરંડીનાં મૂળ ૧૨૫ ગ્રામ સારો એળિયો પાંસઠ ગ્રામ લાવી સૌ પ્રથમ હિમેજ – મરી અને મીંઢીના પાન સાફ કરી ખાંડીને વસ્ત્રગાળ કરી લેવાં. પછી તેમાં ઓળિયો ખાંડીને મેળ વવો. પછી લીંબોળીનાં મીંજ અને એરંડીના મીંજ ઝીણાં ખાંડીને લોંદો કરવો. તેમાં ઉપરની બધી દવાઓ મેળવીને ખુબ ફૂટીને માવા જેવું કરવું. તેમાં ગોળી વછળે તેટલો કુંવારનો રસ મેળવીને, ફૂટીને ગોળી વળે તેવું કરવું. પછી ચણીબોર જેવડી ગોળી વાળી, આઠથી દસ દિવસ છાંયે સૂકવવી. સુકાઈ ગયા બાદઅ શીશીમાં ભરી લેવી. ગેસના દર્દીએ જરૂર જણાય ત્યારે બે – બે ગોળી પાણી સાથે લેવી. આ ગોળીના સેવનથી ગેસ, પેટનો દુ:ખાવો, આફરો, કબજીયાત વિ.દર્દો મટે છે.૪. સાજીખાર વાટીને ૦। તોલા ગોળમાં મેળવી, સવાર – સાંજ ખાવાથી ગેસ – ગોળાનું દર્દ મટે છે.


૩૦ ગાંડપણ – ચિત્તભ્રમ કારણ : ઈચ્છિત પદાર્થ અપ્રાપ્તિ, ઈચ્છિત સ્ત્રી – પુરૂષની અપ્રાપ્તિ, અતૃપ્તિ, શોક, ભય વગેરે કારણોથી શરીરનો વાતાદિ દોષ કૃપિત થઈ મનોવાહિની નાડી સુધી જઈ ચિતભ્રમ પેદા કરે છે ત્યારે ઉન્માદ રોગ (ગાંડપણ) થયો કહેવાય છે.

૧. ચોખ્ખું ઘી જૂનં થવા દઈ, તે ખવડાવવું. ગાંડપણનો રોગ એ મગજના જ્ઞાનતંતુઓ સાથે સંબંધ ધરાવે છે. તેથી ચોખ્ખા ઘીનાં ટીપા રૂ વડે સવાર – સાંજ નાકમાં પણ મૂકવા. ૨. બે થી ત્રણ ગ્રામ સર્પગંધાનો પાવડર લઈ, સવાર નવટાંક પાણીમાં પલાળી, તેમાં ત્રણ કાળાં મરી નાખી ખરલમાં ઘૂંટી ગાળ્યા વિના પાઈ દેવું. ઉપર મુજબ ફરી રાત્રે પલાળી સવારે પાવું. આથી ગાંડપણવાળા દર્દીને ખૂબ જ ઊંઘ આવે છે અને ગાંડપણ દૂર થાય છે. આ પ્રયોગબંધ કરવો. થોડા દિવસના આ પ્રયોગથી ગાંડપણ મટે છે.૩. બ્રાહ્મી અને શંખાવલીનું સમાન ભાગે ચૂર્ણ કરી સવાર – સાંજ ૦। તોલો સાકર સાથે, ૦। તોલો આ ચૂર્ણ મેળવી પાણી સાથે પિવરાવવાથી ગાંડપણ દૂર થાય છે. મગજ નબળું હોય તો મગજશકિત પણ વધે છે.

# આ મારું ચિત્ર છે



સાવલિયા ધાર્મી દકુભાઈ
(ધોરણ–૮, શ્રી ઓકસ્ફર્ડ સ્કુલ ઓફ સાયન્સ)



કથિરીયા જીલ વિપુલભાઈ
(ધોરણ – ૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–કેરીયા નાગસ પ્રાથમિક શાળા)



ગેવરીયા શ્રીમય ચતુરભાઈ
(ધોરણ. ૩, શ્રી ઓકસ્ફર્ડ સ્કુલ ઓફ સાયન્સ)

# ધારી : ખોડિયાર મંદિર અને ડેમ સાઈટ નજીક આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર




તા.૨૭સપ્ટેમ્બર, સમગ્ર વિમાં વિ પર્યટન દિવસની ઉજવણી થશે. વર્ષ–૨૦૨૪માં આ દિવસનીથીમ 'પર્યટનઅનેશાંતિ' છે. યુનાઈટેડ નેશન્સ અંતર્ગત કાર્ય કરતી યુ.એનવર્લ્ડટુરિઝમઓર્ગેનાઈઝેશન (UNWTO) સંસ્થા વિમાં પર્યાવરણને પ્રોત્સાહન માટે સતત કાર્યરતછે. વર્ષ ૧૯૮૦થીદરવર્ષેતા. ૨૭સપ્ટેમ્બરનારોજવર્લ્ડટુરિઝમડેની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં પર્યટન ક્ષેત્રનો ઉત્તરોતર વિકાસ થઈ રહ્યો છે. ભારત અને ગુજરાતની જીડીપીમાં પણ પર્યટનક્ષેત્રનો મહત્વનો ફાળો છે. પ્રવાસનએદેશનાઆર્થિકઅને સમાવેશીવિકાસનેપણપ્રોત્સાહનઆપે છે. ગુજરાતમાં પણ ઐતિહાસિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક દ્રષ્ટિએ અતિ મહત્વના વિખ્યાત પર્યટન સ્થળો છે. ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગીર નેશનલ પાર્ક જેવા વિ વિખ્યાત પર્યટન સ્થળોએ દેશવિદેશથી અનેક પ્રવાસીઓ આવે છે. પર્યટન ક્ષેત્રના વિકાસથી આર્થિકસમૃદ્ધિઅનેસમાવેશીવિકાસમાં સહાયરૂપ છે. અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે એશિયાઈ સિંહનો આ વિસ્તારમાં વસવાટ! હવે, સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃત્તિ વધતા અને સિંહો આપવામાં આવતા સંરક્ષણને કારણે સિંહોની વસતીમાં ઉત્તરોતર વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં સિંહની વસતી વધીને ૬૭૪ થઈ છે. અમરેલી જિલ્લાના ધારી ગળધરા ખોડીયાર મંદિર, ખોડિયાર ડેમ સાઈટ નજીકધારીખાતેઅમરેલીનુંનવુંનજરાણું કહી શકાય એવો આંબરડી સફારી પાર્ક છે. ૩૮૦ હેકટર વિસ્તારમાં વિકસિત થયેલ આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનુંકેન્દ્રબન્યોછે. વર્ષ૨૩–૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. દેશ–વિદેશથી ગીરનીપ્રકૃતિનેમાણવાઅનેસિંહદર્શનમાટે આવતા પ્રવાસીઓએ એશિયાઈ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળ વાનો લ્હાવો બસ સફારી કરીને માણ્યો છે. સફારી પાર્કમાંપ્રવાસીઓનીસુવિધામાટે ધારીપૂર્વવનવિભાગદ્વારા૨એ.સીઅને ૩ નોન એ.સી. સહિત પાંચ બસ છે. વન્યજીવોમાટેપીવાનાપાણીનીવ્યવસ્થા પણ નિયમિત રીતે કરવામાં આવે છે. વન્યજીવોનેપીવાનાપાણીમાટે૯પોઈન્ટ બનાવવામાંઆવ્યાછે. આસફારીપાર્કમાં વિવિધ પ્રકારના આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગીરનું કુદરતી સૌંદર્ય અને ગીરના ડાલામથ્થા સિંહ પ્રવાસીઓનેઆકર્ષેછે. વેકેશનદરમિયાન વિવિધ રાજયો અને વિવિધ દેશના પ્રવાસીઓ ગાંડી ગીરમાં મહેમાન બનીને ગીરનાઅદ્ભુતસૌદર્યનેમાણેછે. પ્રવાસીઓ ગીરના સૌદર્યને નિહાળી શકે તે માટે વ્યૂ પોઈન્ટ બનાવવામાં આવ્યો છે. ધારી આંબરડીસફારીપાર્કખાતેરિસેપ્શનડેસ્ક, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. ફેરો સિમેન્ટથી બનેલ એશિયાનું વિશાળ એશિયાટિકસિંહનુંપ્રાઈડ, બ્રોન્ઝલાયન, મેટલસિંહ, હરણસહિતનાસ્કલ્પચરઅને એમ્ફી થિયેટર સહિતની બાબતો પ્રવાસીઓમાં અનેરૂ આકર્ષણ બન્યું છે. આંબરડી સફારી પાર્કમાં ડિસ્પ્લે પર રાખવામાંઆવેલસિંહોનાહુલામણાંનામ પણ છે. બસ સફારી દરમિયાન શેલજા નામની સિંહણ અને ગીરનો વિખ્યાત ડાલામથ્થો સિમ્બા નામનો હાવજ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રવાસીઓ સિંહોને નજીકથી નિહાળીને બસ સફારીનો રોમાંચક આનંદ માણે છે. આંબરડીસફારીપાર્કખાતેબસસફારીનો આનંદ માણીને પ્રવાસીઓ અત્યંત ગદગદિત થઈ જાય છે. બસ સફારી એક અનોખો અનુભવ કરાવે છે. ઉપરાંત ગીર જંગલની પ્રકૃતિને અને વન્યજીવોની સૃષ્ટિમાં તરબોળ થવાનો આનંદ માણવા મળે છે. ગુજરાત એ વિદેશીપ્રવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે. આંબરડી સફારી પાર્ક એ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજયનું ગૌરવ છે, પ્રવાસીઓને ઉત્કૃષ્ટ સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજય છે. આંબરડી સફારી પાર્ક અને તેની વિશેષતાઓ વિશે નાગરિકો વાકેફ થાય તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એક નાગરિક તરીકે આપણી એ ફરજ છે કે, આપણે જયાં પણ જે કોઈ પણ પ્રવાસન સ્થળની મુલાકાત અર્થે એક પ્રવાસી તરીકે જઈએ ત્યાં પ્રકૃતિનું સંરક્ષણ અવશ્ય કરીએ અને સ્વચ્છતા અવશ્ય રાખીએ.

**આલેખન–ડી.એન. વાળા, તસ્વીર–એમ.એમ.ધડુક**

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં પીપળલગ ગામનાં**

માર મારવાના ઈરાદાનું કાવતરૂ કરી આરોપીએ હાથમાં લોખંડનો પાઈપ, હથિયાર ધારણ કરી અને વિદ્યાર્થીના મોટર સાયકલ પાસે જઈ વિદ્યાર્થીને ઉભો રાખી લોંખડના પાઈપ વડે એકટીવા મોટર સાયકલ ઉપર ઘા મારી નુકસાન કરી તથા પાઈપનો એક ઘા ડાબા કાન ઉપર મારી સામાન્ય ઈજા કરી તેમજ શરીરે આડેધડ પાઈપથી માર મારી મુંઢ ઈજા કરી અને મોબાઈલ ફોન પાણીમાં ઘા કરી નુકસાન કરી તથા વિદ્યાર્થીના મિત્ર બચાવવા વચ્ચે પડતા તેમને પણ હાથ પર પાઈપ વડે આડેધડ માર મારી મુંઢ ઈજા કરી અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં ઓકસફર્ડ સ્કુલ ખાતે**

સામાન્ય પરિવારમાંથી આવતાં કુબેરભાઈ પોતે સંઘર્ષ કરી અભ્યાસ કર્યો અને હાલ સાબરકાંઠા જીલ્લાની તાલોદ કોલેજમાં હિન્દીના પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. શિક્ષણ ક્ષેત્રમાંથી આવતાં હોવાથી શિક્ષણ ક્ષેત્રની સમસ્યા અને શિક્ષકો તથા સંચાલકોના પ્રશ્નો પ્રત્યે તેમનો અભિગમ હરહંમેશ સહાનુભૂતિપૂર્વકનો રહેલો છે.

તેમની અને શિક્ષણ સાથે સંકળાયેલ લોકો વચ્ચે હળવા વાતાવરણમાં ખુલ્લા મને સંવાદ થાય તે માટે અનુકંપા ટ્રસ્ટ અમરેલી દ્વારા અને સંવાદ બેઠકનું આયોજન તા. ૨૯ સપ્ટેમ્બરના રવિવારે બપોરે ૨:૩૦ થી ૪:૩૦ વચ્ચે ઓકસફોર્ડ સ્કુલ – અમરેલી ખાતે કરવામાં આવેલ છે.

આ બેઠકને સફળ બનાવવા ઓકસફોર્ડ સ્કુલના મયુરભાઈ ગજેરા તથા દિપકભાઈ વઘાસીયા, મુકુંદભાઈ મહેતા મનીષભાઈ સિધ્ધપરા અને પંકજભાઈ જાની જહેમત ઉઠાવી રહ્યાં છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ગુજરાતી વાણંદ સ્વ. વસંતબેન બાબુલાલ કાલાવડીયા (ઉ.વ. ૬૫) તા. ૨૭/૯/૨૪ને શુક્રવારનાં રોજ શ્રીજીચરણ પામેલ છે. જે બાબુલાલ મોહનભાઈ કાલાવડીયાનાં ધર્મપત્નિ તેમજ ભરતભાઈ તથા વિપુલભાઈ (મુના)ના માતુશ્રી પ્રિયા હેર આર્ટવાળા તેમજ રવજીભાઈ જાદવભાઈ મજેઠીયા જાળીયાનાં બહેન થાય. સદગતનું બેસણું તા. ૨૮/૯/૨૪નાં રોજ સાંજના ૪ થી ૬ અમરેલી મુકામે દત્ત મંદિર હોલ, ચિતલ રોડ ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૨ | શિંગ મોટી | ૭૯૦ | ૧૧૭૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૧૨૨ | ૧૪૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૫૪૦ | ૨૫૬૫ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૯૨ |
| ૬ | જુવાર | ૪૭૨ | ૭૭૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૯૫ |
| ૯ | અડદ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | ચણા | ૧૨૨૦ | ૧૫૧૩ |
| ૧૧ | કપાસ | ૯૭૫ | ૧૬૨૪ |
| ૧૨ | રાય | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૩ | ધાણા | ૧૨૮૦ | ૧૩૨૧ |
| ૧૪ | મેથી | ૧૦૪૦ | ૧૦૪૦ |

# ખાંભા : કુમાર શાળામાં રવિવારે વૃક્ષારોપણ કરાશે




ખાંભા, તા. ૨૭

ગ્લોબલ વોર્મિંગને ધ્યાનમાં લઈને ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ નમ્રતા ગ્રીન ફાઉન્ડેશન રાજકોટ દ્વારા ખાંભા કુમાર શાળા ખાતે આવનારા રવિવારે વૃક્ષારોપણ નું આયોજન કરવામાં આવશે તેમાં તુલસીશ્યામ રેજના આર.એફ. ઓ રાજલબેન પાઠક, ખાંભા ગ્રામ પંચાયતના સરપંચના પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ તેમજ ખાંભા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ રાજકીય આગેવાનો તેમજ અન્ય એવા ભાવિ સંસ્થાઓ સહિત ઉપસ્થિત રહેશે અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે આપ સે જાણીએ છીએ હવાને શુદ્ધ કરે છે અને ઓક્સિજન આપવાનું કામ કરે છે વૃક્ષો જેની વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણને મદદ બનવા માટેની આ પહેલી પહેલ કરેલ છે તો આપ સે આવનારા રવિવારે તા. ૨૯–૯–૨૦૨૪ ના રોજ સમય સવારે ૧૦.૦૦ કલાકે ઉપસ્થિત રહેજો આપ સૌ સાથે મળી અને પર્યાવરણને બચાવીએ.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૫ | ૧૫૩, |
| ૨ | જીરૂ | ૪૦૦૦ | ૫૦૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૪ | મગફળી નવી | ૮૮૫ | ૧૦૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૭૦૦ | ૧૧૫૨ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૭૫ |
| ૩ | તલ કાળા | ૩૧૪૦ | ૩૫૧૨ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ૫ | ઘઉં લોકવન | ૫૮૧ | ૬૦૦ |
| ૬ | બાજરો | ૫૯૫ | ૬૨૯ |
| ૭ | જુવાર | ૭૮૫ | ૫૧૪ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી ખાતે પી.પી. સોજીત્રા**

પી.પી. સોજીત્રાએ પોતાના તરફથી ૧ કરોડ રૂપિયાનું દાન જાહેર કરી એક ફાઉન્ડેશન બનાવવાની જાહેરાત કરી હતી અને આ રકમના વ્યાજમાંથી પ્રતિ વર્ષ જરૂરિયાતમંદ પરિવારોનાં બાળકોના શિષ્યવૃત્તિ આપવાની જાહેરાત કરી હતી. તેમની આ જાહેરાત બાદ પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરવામાં આવી હતી અને આ ફંડના વ્યાજમાંથી આ વર્ષે ૨૭ વિદ્યાર્થીઓને સાડા નવ લાખ રૂપિયાની લોન સ્કોલરશીપ અપાશે. આ સહાયના ચેકોના વિતરણનો કાર્યક્રમ તેમના ૬૩માં જન્મદિન નિમિત્તે તા. ૨૯ સપ્ટેમ્બરનાં રવિવારે સાંજે ૫:૩૦ કલાકે અમરેલીની લોર્ડઝ હોટેલમાં રાખેલ છે. ગુજરાત રાજયના શિક્ષણ ખાતાના કેબીનેટ મંત્રી ડો. કુબેર ડીંડોરના વરદહસ્તે આ ચેકોનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અધ્યક્ષપદે બિરાજશે, જયારે અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમમાં પી.પી. સોજીત્રાના મિત્રો અને શુભેચ્છકોનો બહોળો સમુદાય તેમજ અમરેલી શહેરની વિવિધ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાના હોદેદારો, ડોકટરો, વકીલો, અગ્રગણ્ય વેપારીઓ, પત્રકારો અને શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી માર્કેટયાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, એડવોકેટ ચેતનભાઈ રાવળ, તુલસીભાઈ મકવાણા, નયનભાઈ જોષી (બેદી), નિલેશભાઈ જોષી (લાલો) જહેમત ઉઠાવી રહ્યાં છે.

પી.પી. સોજીત્રાના જન્મદિન નિમિત્તે ૨૯મીના સવારે ૭થી ૧૦ની વચ્ચે, અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)માં રેડક્રોસ બ્લડ બેન્કના માધ્યમથી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેને સફળ બનાવવા માટે હિંમતભાઈ સરખેદી, કમલેશભાઈ ગરાણીયા, ડો. રાજુભાઈ કથીરીયા, તરંગભાઈ પવાર, નિલેશભાઈ ધાધલ, તેજસભાઈ દેસાઈ તથા ડો. જાની જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૩૦૧ | ૧૪૪૯ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૫ | ૨૩૫૫ |
| ૩ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૩૧ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૩૨ |
| ૨ | મગફળી | ૬૦૧ | ૯૨૫ |
| ૩ | ઘઉં | ૫૧૦ | ૫૨૦ |
| ૪ | કાળા તલ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૫ | સફેદ તલ | ૨૫૧૦ | ૨૫૧૦ |
| ૬ | અડદ | ૧૩૦૦ | ૧૪૨૫ |
| ૭ | બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ૮ | સોયાબીન | ૬૦૦ | ૮૩૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં લીલીયા રોડ**

૩૦થી ૪૦ટકા જેવી રકમ જુદા–જુદા કરવેરા રૂપે સરકારી તિજોરીમાં એટલા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જમા કરાવે છે જેનાથી શહેરીજનોને સારા માર્ગો સહિતની સુવિધા મળે. પરંતુ ભ્રષ્ટાચારથી ખદબદતા સરકારી વિભાગોનાં અધિકારીઓ અને પદાધિકારીઓ જનતાને માર્ગોની સુવિધા આપી શકતાં નથી. જવાબદાર વિભાગ યુધ્ધનાં ધોરણે લીલીયા રોડ ક્રોસિંગ નજીકનાં રોડની મરામત કરે તેવી માંગ ઉભી થઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ગરીબ કલ્યાણ મેળામાં**

સાંસદ ભરતભાઈ સુતરિયાએ કહ્યુ કે, રાજયના છેવાડા વિસ્તારના લાભાર્થીઓને હાથો હાથ લાભ આપતા ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી જિલ્લાના રાજુલાથી કરી હતી. આ રાહ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃતવમાં ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સરકાર સીધી લાભાર્થી સુધી પહોંચી અને નાગરિકો જાગૃત્ત થયા છે.

સાંસદે ઉમેર્યુ કે, આજના કાર્યક્રમ દ્વારા લાભાર્થીઓને કિટનું વિતરણ, સાધન સહાય આપવામાં આવી છે જેના માધ્યથી છેવાડાનો માનવી આત્મનિર્ભર બનવા તરફ આગળ વધશે. વર્ષ–૨૦૪૭ સુધીમાં દેશને આત્મનિર્ભર બનાવવા માટે આત્મનિર્ભર ગુજરાતના મંત્ર સાથે આ ગરીબ કલ્યાણ મેળો સીમાચિન્હરૂપ બની રહેશે.

અમરેલી જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા દરમિયાન અને મેળા પહેલા જિલ્લાના ૧૧ તાલુકા અને ૦૯ નગરપાલિકા વિસ્તારના ૨૫,૨૦૬ પુરૂષો અને ૨૪,૪૩૪ મહિલા સહિત ૪૯,૬૪૦ લાભાર્થીઓને વિવિધ વિભાગોની જુદી જુદી ૮૬ કલ્યાણકારી યોજનાઓ અન્વયે રૂા. ૮૧,૬૪,૩૬,૧૬૩ સાધન સહાયના લાભ આપવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને વિવિધ સાધન સામગ્રીની કિટ આપવામાં આવી હતી. આ કિટમાં ખેતીલક્ષી, લુહારી, વેલ્ડીંગ કામ, પ્લમ્બર, સુથારીકામ, કડીયાકામ, બ્યુટી પાર્લર, અથાણાની બનાવટ, ઈલેકિટ્રક એપ્લાયંસીસ, દરજી કામ સહિતની વિવિધ પ્રકારની કિટનું વિતરણ કરવામાં આવ્યું.


કાર્યક્રમના પ્રારંભે શહેરની વિવિધ શાળાઓની વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય સ્ટેજ લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે ચેક અને સાધન સહાયતાનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓએ તેમને મળેલી સહાયતા અને વિવિધ યોજનાઓના લાભ બદલ પ્રતિભાવો વ્યકત કર્યા હતા.

આ કાર્યક્રમમાં નગર પાલિકા અમરેલીના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, જિલ્લા પંચાયતના સભ્યો, મુકેશભાઈ બગડા, કોઠીવાળ, રાઠોડ, અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, અમરેલી, ધારી, સાવરકુંડલા, રાજુલા સહિતના પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા શહેર મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, અધિકારીઓ અને કર્મયોગીઓ અને જિલ્લાના વિવિધ વિસ્તારના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૨ | કપાસ | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ૩ | બાજરો | ૪૬૪ | ૫૫૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૦૦ |
| ૫ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |

# બગસરા : સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય મેળો યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આયુષ્યમાન ભારત અંતર્ગત જનસમુદાયને ઉત્કૃષ્ટ અને આરોગ્ય સેવાઓ મળી રહે તથા ગંભીર પ્રકારના રોગોનું તત્કાલ નિદાન અને સારવાર થઈ શકે તે હેતુથી બગસરા પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાંતાબા મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલના તજજ્ઞ ડોકટરો દ્વારા આજ રોજ હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૭૦ જેટલા લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ તમામ દર્દીઓને સારવાર તેમજ નિદાન કરવામાં આવ્યું હતું.

# વડેરા, ઈશ્વરીયા, વિજયાનગર, અમરાપર સહિતના ગામોમાં સાફ-સફાઈ ઝુંબેશ



તા.૨ ઓકટોબર – મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહ્વાન કર્યુ છે. તા.૨૭ સપ્ટેમ્બર,૨૦૨૪ શાક માર્કેટ, ખાણી પીણીબજારો, રેસ્ટોરન્ટ, વગેરે જગ્યાની સફાઈ, એકત્રિત કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ, સ્થાનિકવેપારીઅનેવિક્રેતાઓને કચરાંના એકત્રીકરણ બાદ ભીના અને સૂકાં કચરાનો યોગ્ય નિકાલ બાબતે સમજ આપવી, ગ્રામ્ય કક્ષાએ જાહેર બજારો અને જાહેર સ્થળોની વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત અમરેલીના વડેરા, ઈશ્વરીયા, સાવરકુંડલાના વિજયાનગર, બાબરાના અમરાપર સહિતના ગામોમાં સાફસફાઈ કરવામાં આવીહતી. જિલ્લામાંગ્રામ્યકક્ષાએજાહેર બજારોમાંસફાઈહાથધરીએકત્રિતથયેલા કચરાંનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે નાગરિકોનેસમજ આપવામાં આવી હતી. ખાંભાતાલુકાના જીકીયાળીગામેસ્વચ્છ ભારતમિશનગ્રામીણઅંતર્ગતસ્વચ્છતાહી સેવાકાર્યક્રમઅન્વયેસ્વચ્છતાલક્ષીનાટકની પ્રસ્તુતિ પરંપરાગતમાધ્યમથીનાગરિકોને સ્વચ્છતાપ્રત્યેજાગૃત્તકરવામાંઆવ્યાહતા. સ્વચ્છતા હી સેવા અભિયાનની જનજાગૃત્તિ માટે જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહેતેમાટેસૌનેસહિયારાપ્રયત્ન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર અમરેલી જિલ્લો સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળો બને, રોગચાળા મુકત બને તે બાબતે સૌને સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### ચાડિયા ગામને ગોકુળિયુ બનાવવાના હેતુથી

## અમરેલીનાં ચાડિયાગામે આગામી ૫ નવેમ્બરનાં રોજ ગામજનોનું સંમેલન યોજાશે

### સ્થાનિક આગેવાનોની કાર્યક્રમલક્ષી બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૭

ગોકળિયું ગામ ચાડીયા ખરેખર ગોકુળિયા બનાવવાના હેતુથી તા. ૫/૧૧/૨૪નાં રોજ ચાડીયા ગામે શકયત ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહે તેવું આયોજન થઈ રહ્યું છે. ગામના અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના નેજા તળે ગામના વિકાસ અંગે આગળ પગલા ભરાઈ રહ્યાં છે. ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢીયાના નતૃત્વમાં ગ્રામ સફાઈ તેમજ કિમંતી જમીનમાં ગાંડા બાવળ નાબુદી પ્રવૃતિઓ થઈ રહી છે. શકય હશે તો ગામમાં આવેલ ત્રણ ચેકડેમ પણ બનાવવાનું આયોજન છે. તા. ૫/૧૧/૨૪ના રોજ ચાડીયા ગામના બહાર વસતા ગ્રામજનો કુંટુંબ તેમજ સગા–સબંધીઓ સાથે ગામના આ અવસરનો રૂડો લગાડવાના છે. તેઅનુસંધાને બહારગમામ વસતા વતન પ્રેમીઓ અમદાવાદ – સુરત મુકામે સ્થાનિક આગેવાનો રહેવાસીઓની મીટીંગો યોજવામાં આવેલ તે અનુસંધાને અમરેલી મુકામે ધીરૂભાઈ ગઢ ીયાના નિવાસ સ્થાને અમરેલી સ્થિત ગ્રામજનોને એક મીટીંગ તા. ૨૫/૯/૨૪ રાત્રીના રાખેલ તેમાં ટ્રસ્ટના વલ્લભભાઈ રામાણીએ ગામના વિકાસ તેમજ માતૃવંદના કાર્યક્રમ વિશે માહિતી આપેલ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢિયા આગેવાન ઘનશ્યામભાઈ વાળા મંડળીના પ્રમુખ લાલજીભાઈ રામાણી યુવા કાર્યકરો ગુણવંત ભંડેરી, બીપીન ભંડેરી, ગીરીશ ગઢીયા હરેશભાઈ દવે, જગદીશભાઈ સાવલીયા, ચિંતન ભંડેરી, મકવાણા અરવિંદભાઈ, ચાડીયા ગામના નિવાસી સભ્યો તમામ લોકોએ એકસૂરથી આ સોનેરી અવસરને સફળ અને રૂડો લગાડવા તમામ સહયોગનું અભય વચન આપેલ છે. તેમ બીપીન ભંડેરીની યાદીમાં જણાવાયું છે.

## ધજડી ગામે શાંતિરથનું અનુદાન અને લોકાર્પણ વિધિ કરવામાં આવી



સાવરકુંડલા, તા. ૨૭

ધજડી ગામે શાંતિ રથનું અનુદાનઅનેલોકાર્પણવિધિ કરવામાંઆવી. આ શાંતિરથ દાતાશ્રી મગનભાઈ બચુભાઈ રાદડીયા તરફથી સપ્રેમ ભેટ તરીકે અર્પણ કરવામાં આવેલ આ પ્રસંગે દાતાનું સ્વાગત ધજડી ગામના સરપંચ ભરતભાઈ ધડુકદ્વારા શાલ ઓઢાડી હાર પહેરાવીને ઉષ્માભેર સ્વાગત કરવામા આવ્યુ. આ પ્રસંગેવિશાળ સંખ્યામાં ગ્રામજનોએ પણ હાજરી આપી હતી આવા દાતાશ્રીને તેમની આવી દાનવીરવૃતિને બિરદાવી ભરતભાઈએ આભાર સહ અભિનંદન પણ પાઠવ્યા હતાં. અને ભવિષ્યમાં પણ દાતાશ્રીના હસ્તે આવા લોકોપયોગી સેવાકીય કાર્યો થતાં રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરવામાં આવી હતી.

## અમરેલી ખાતે કાનુની સતા સેવા મંડળ દ્વારા કાનુની શિબિર યોજાઈ



અમરેલી, તા. ૨૭

અમરેલી કાનૂની સતા સેવા મંડળ દ્વારા, ઈનોટીવ કોમર્સ સ્કૂલ તેમજ સરસ્વતી વિદ્યા મંદિર સંકુલમાં કાનૂની શિબિર નું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા દ્વારા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો માટે નવી અલગ અલગ સમજણ થી શિક્ષણ માં થતા ફેરફારો સાથે મોડર્ન સ્ટાઈલમાં આવનાર સમયમાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સુત્રોની રચના રજૂઆત કરવામાંઆવી, આ કાનૂની શિબિરમાં, મુકેશ ભાઈ ભટ્ટ (સોનલ) તેમજ સરસ્વતી વિદ્યા મંદિરનાં પ્રિન્સીપાલ વિજયભાઈ મહેતા, અને સ્કૂલ ના તમામ કર્મચારીઓ નો સહયોગ પ્રાપ્ત થયેલ.

### ધારીનાં જીરા ખાતે એએચપીનાં રાષ્ટ્રીય આગેવાનોની બેઠક શરૂ

## એએચપી અને રાષ્ટ્રીય બજરંગદળ કુંભના યાત્રીઓની રહેવા-જમવાની વ્યવસ્થા કરશે

### ડો. તોગડીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત છે



અમરેલી, તા. ૨૭

ધારી નજીક આવેલ જીરા ગામનાં એક ફાર્મ હાઉસમાં આજથી ૨ દિવસ સુધી આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળનાં દેશભરનાં મહત્વનં આગેવાનોની બેઠક શરૂ થઈ છે. આ અંગે એએચપીનાં અધ્યક્ષ ડો. તોગડીયાએ જણાવ્યું હતુ કે, આગામી કુંભ મેળામાં અંદાજિત એક કરોડ જેટલા શ્રધ્ધાળુઓ લાભ લેવાનાં હોય તેમના રહેવા–જમવાની વ્યવસ્થા ગોઠવવાનાં ભાગરૂપે આ બેઠકનું આયોજન કરાયુ છે.

## રાજપાલ આચાય દેવવ્રતનુ હવાઈ મથકે સ્વાગત કરતા મનીષ સંઘાણી



સ્વાગત કરતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ મનીષ સંઘાણી.

અમરેલી, તા. ૨૭

અમરેલી ખાતે આયોજીત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી, અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી, (અમર ડેરી) અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, અમરેલી જિલ્લા સહકારી સંઘ મળીને કુલ ૧૬ જિલ્લા ની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા પધારેલ મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રત જી નું હવાઈ મથક પર

# ટીબી અને હનુમાન ખીજડીયા ખાતે નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી : આરોગ્ય કાર્ડનું વિતરણ



તા.૨ આકટોબર–મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારતમિશન'ના ૧૦વર્ષનીઉજવણીના ભાગરૂપેસમગ્રદેશમાં 'સ્વચ્છતાહીસેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' અભિયાનનું આહ્વાન કર્યુ છે. તા.૨૫ સપ્ટેમ્બર,૨૦૨૪ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર (અંત્યોદય દિવસ)ની ઉજવણી કરવામાં આવી. ગ્રામ્ય કક્ષાએ મફત આરોગ્ય ચકાસણીના આયોજન અન્વયે જાફરાબાદના ટીંબી અને કુંકાવાવ–વડીયાના હનુમાન ખીજડીયા મુકામેઆરોગ્યચકાસણીશિબિરયોજાઈ હતી શિબિરમાં જનસામાન્ય સહભાગી થયા હતા, તેમનેઆરોગ્ય કાર્ડનુંવિતરણ કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, આવશ્યક તબીબી સેવાઓ પૂરી પાડવા અને જન સુખાકારીની ખાતરી કરવાના ઉમદા ઉદેશ સાથે આ નિઃશુલ્ક આરોગ્ય શિબિર યોજવામાં આવે છે, અંત્યોદય દિવસની પણ ઉજવણી કરવામાં આવી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતાજળવાઈ રહેતેમાટેપ્રયત્નકરવા આહ્વાન કરવામાં આવ્યુ હતુ. શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું બને, રોગચાળા મુકત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છાગ્રહીબનવાનોસંદેશઆપવામાં આવ્યો હતો.

## અમરેલી ખાતે મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ અને સાંસદનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ

# ગરીબ કલ્યાણ મેળામાં ૨૨૪૯ લાભાર્થીઓને ૩.૧૭ કરોડની સાધન સહાય અર્પણ

**જિલ્લાનાં કુલ ૫૦ હજાર જેટલા લાભાર્થીઓને ટૂંક સમયમાં ૮૧ કરોડ ઉપરાંતની સાધન સહાય કરાઈ**

**રાજ્ય સરકારની વિવિધ 33 યોજનાઓનાં ૨૨૪૯ લાભાર્થીઓને સાધન સહાય કરાઈ**

**લાભાર્થીઓને ખેતીલક્ષી, લુહારી, વેલ્ડીંગ કામ, પ્લમ્બર, સુથારીકામ, કડીયાકામ, બ્યુટી પાર્લર સહિતની કિટનું વિતરણ કરાયું**

**પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા.૨૭

રાજયના ગરીબ વર્ગો અને છેવાડાના વિસ્તારોના વંચિત લોકો સુધી સરકારની જન કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડતા ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડી અંતર્ગત આયોજીત ગરીબ કલ્યાણ મેળો-૨૦૨૪ અમરેલી સ્થિત ખેડૂત તાલીમ ભવન ખાતે સંપન્ન થયો હતો.

ડીસાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને સાંસદ ભરત ભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સમારોહમાં રાજય સરકારના વિવિધ વિભાગની ૩૩ યોજનાઓના ૨,૨૪૯ લાભાર્થીઓને રૂા. ૩,૧૭, ૬૯,૪૭૬નો લાભ સાધન સહાય સાથે આપવામાં આવ્યો.

અનુસંધાન પાના ૬ ઉપર

## રોજબરોજનાં કાર્યો માટે અવર-જવર કરવામાં પારાવાર પરેશાની

# અમરેલીની સરકારી કચેરીઓમાં વિકલાંગો અને સીનિયર સિટીઝનને વિશેષ સુવિધા મળતી નથી

**વિકલાંગો અને વૃધ્ધો માટે લીફ્ટ, બેસવાની કે અલગ કોઈ વ્યવસ્થા જ નથી**

અમરેલી, તા.૨૭

અમરેલી ખાતે આવેલ જુદી-જુદી સરકારી કચેરીઓમાં જિલ્લાભરમાંથી વિકલાંગો અને વૃધ્ધ રોજબરોજનાં કાર્યો માટે આવતાં હોય તેઓ માટે ઉપરનાં માળે જવા માટે લીફ્ટ કે કચેરીની અંદર બેસવાની કે અલગથી કોઈ સુવિધા આપવામાં આવતી નથી.

આજે સામાજિક કાર્યકર્તા ભરત કાતરીયા વિકલાંગોની મદદે પહોંચ્યા હતા અને તેઓએ વિકલાંગો અને વૃધ્ધ માટે સરકારી કચેરીઓમાં ખાસ સુવિધા ઉભી કરવા વિકલાંગો અને વૃધ્ધો વતી માંગ કરી હતી.











## શિક્ષણ સંસ્થાનાં સંચાલકો સાથે

# અમરેલીમાં ઓકસફર્ડ સ્કુલ ખાતે આવતી કાલે શિક્ષણમંત્રી કુબેરભાઈની સંવાદ બેઠક

**ઓકસફર્ડનાં સંચાલક મયુરભાઈ ગજેરા સહિતનાં શિક્ષણવિદ જોડાશે**

અમરેલી, તા. ૨૭

ગુજરાત રાજયના શિક્ષણ ખાતાના કેબીનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ અમરેલી પધારી રહ્યા છે. એક અતિ

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)